


## મહિનાના મુખ્ય મુદ્દાઓ

❖ **તાજેતરમાં 16 જૂન, 2019 થનારી 17મી લોકસભાની પ્રથમ ઓલ–પાર્ટી બેઠકમાં પ્રોટેમ સ્પીકર તરીકે મધ્યપ્રદેશના BJP ના સંસદ સભ્ય વીરેન્દ્રકુમારની પસંદગી કરવામાં આવી.**

→ પ્રોટેમ સ્પીકરની નિમણૂક સંસદની એક પ્રથા છે પરંતુ તેના માટે બંધારણમાં કોઈ જોગવાઈ નથી. સામાન્યરીતે લોકસભાનાં સૌથી સિનિયર સભ્યને પ્રોટેમ સ્પીકર તરીકે નિમણૂક કરવામાં આવે છે. તેનું મુખ્ય કાર્ય ચૂંટાયેલા નવા સંસદ સભ્યોની શપથ ગ્રહણ કરાવવાનું તથા લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી કરવાનું છે. પ્રોટેમ સ્પીકરને રાષ્ટ્રપતિ દ્વારા શપથ ગ્રહણ કરાવવામાં આવે છે.

❖ **સામાજીક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના મંત્રી થાવરચંદ ગેહલોતને રાજ્યસભામાં લીડર તરીકે નિમણૂક કરવામાં આવી છે.**

→ થાવરચંદ ગેહલોત મધ્યપ્રદેશથી ભારતીય જનતા પાર્ટીનાં (BJP)નાં સંસદ સભ્ય છે તથા INC ના ગુલામનબી આઝાદ રાજ્યસભાના વિરોધપક્ષના નેતા છે. લોકસભાના વિરોધપક્ષના નેતા તરીકે તાજેતરમાં પશ્ચિમ બંગાળના કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરીની પસંદગી કરાઈ છે.

→ ગોપાલસ્વામી અયંગર રાજ્યસભાના પ્રથમ લીડર હતા.

❖ **તાજેતરમાં ભારતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની નવી સરકારની રચના બાદ મળેલી કેન્દ્રીય કેબિનેટની પ્રથમ બેઠકમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રથમ નિર્ણય દેશના બહાદુર જવાનોના પરિવારજનો માટે કર્યો હતો.**

→ આ નિર્ણય અંતર્ગત 'પ્રધાનમંત્રી શિષ્યવૃત્તિ યોજના' (Prime Minister's Scholarship Scheme-PMSS) અંતર્ગત આપવામાં આવતી રકમમાં વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત તેના વ્યાપમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

- **પ્રધાનમંત્રી શિષ્યવૃત્તિ યોજનામાં ફેરફાર**

(1) શહીદોના પુત્રોને માસિક રૂ.2000 ની જગ્યાએ હવે માસિક રૂ.2500 શિષ્યવૃત્તિ આપવામાં આવશે.
(2) શહીદોના પુત્રીઓને માસિક રૂ.2250 ની જગ્યાએ હવે માસિક રૂ.3000 શિષ્યવૃત્તિ આપવામાં આવશે.
(3) આતંકી–નકસલી હુમલામાં શહીદ થનાર રાજ્ય પોલીસ કર્મચારીઓના બાળકોને પણ હવે આ યોજનાનો લાભ મળશે.

→ રાજ્ય પોલીસકર્મીઓના બાળકોને નવી શિષ્યવૃત્તિ આપવા માટે એક વર્ષનો કોટા 500 છે. આથી, દર વર્ષે વધુમાં વધુ 500 નવા પોલીસ કર્મચારીઓના પરિવારોને આ યોજનાનો લાભ આપી શકાશે. આ માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલય નોડલ મંત્રાલય એટલે કે મુખ્ય મંત્રાલય હશે.

→ આ યોજના અંતર્ગત ભારતમાં દેશની રક્ષા માટે શહીદ થયેલા સેનાના જવાનોના બાળકોને ટેક્નિકલ શિક્ષણ તથા પોસ્ટ–ગ્રેજ્યુએશન શિક્ષણ મેળવવા માટે સહાય આપવામાં આવે છે.

→ જેમાં MBA, MCA, એન્જિનિયરિંગ, મેડિકલ, ડેન્ટલ વગેરે જેવા ટેક્નિકલ તેમજ વ્યાવસાયિક શિક્ષણ માટે આ સહાય મળે છે.

→ ભારતમાં 1962 માં સ્થપાયેલા 'રાષ્ટ્રીય સંરક્ષણ ફંડ' (National Defence Fund-NDF)માંથી આ સહાયતા આપવામાં આવે છે.

- **National Defence Fund વિશે :**

⇒ NDF ની સ્થાપના વર્ષ 1962માં કરવામાં આવી જેનું મુખ્ય કાર્ય દેશની સુરક્ષાના ક્ષેત્રો માટે આવતી તમામ મદદો, ફંડો વગેરેને એકત્રીત કરવું અને તેના ઉપયોગ માટેના ક્ષેત્રો નિર્ધારીત કરવાનું છે. તે ઓનલાઈન ફંડ પણ સ્વીકારે છે.

⇒ NDF અંતર્ગત દરેક હથિયારી દળોના સભ્યો, પેરા મિલેટરી ફોર્સ, રેલ્વે પ્રોટેકશન ફોર્સ અને તેમના અંતર્ગતના તમામ વિભાગોનો સમાવેશ થાય છે.

⇒ NDF ના અધ્યક્ષ પ્રધાનમંત્રી છે તથા અન્ય સભ્યોમાં ગૃહમંત્રી, નાણાંમંત્રી અને રક્ષામંત્રીનો સમાવેશ થાય છે.

- **તાજેતરમાં ભારતનાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની નવી સરકારની રચના બાદ મળેલી કેન્દ્રીય કેબિનેટની પ્રથમ બેઠકમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના જવાનો બાદ બીજો અગત્યનો નિર્ણય દેશના ખેડૂતો માટે કર્યો હતો.**

→ ભારતમાં PM-KISAN યોજના અંતર્ગત અત્યાર સુધી 2 હેક્ટર (અથવા તો 5 એકર) કે તેથી ઓછી જમીન ધરાવતા નાના અને સીમાંત ખેડૂતોને આ યોજનાનો લાભ મળતો હતો. હવે આ નવા નિર્ણય મુજબ ભારતમાં દેશના તમામ ખેડૂતોને PM-KISAN યોજનાનો લાભ મળશે.

→ આ માટે 2 હેક્ટર જમીનની મર્યાદા હટાવી લેવામાં આવી છે.

- **24 ફેબ્રુઆરી, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિમાં રાજકોટ ખાતેથી ગુજરાતમાં આ યોજનાનો પ્રારંભ થયો હતો.**

→ આ અંતર્ગત રાજકોટ જિલ્લાના મૌવિયા ગામના ખેડૂતના ખાતામાં સર્વ પ્રથમ રૂ.2000 નો હપ્તો ચૂકવાયો હતો.

→ આ યોજના અંતર્ગત લાભાર્થી ખેડૂતને દર વર્ષે રૂ.6000 આપવામાં આવશે.

→ આ સહાય રૂ.2000 ના ત્રણ સમાન હપ્તામાં (2000 × 3) લાભાર્થી ખેડૂતના સીધા બેંક ખાતામાં જ જમા થઈ જશે.

→ આ યોજના અંતર્ગત તમામ નાણાંકીય સહાય કેન્દ્ર સરકાર દ્વારા જ કરવામાં આવશે.

→ PM-KISAN નું પૂરું નામ 'Pradhan Mantri Kisan Samman Nidhi' છે.

❖ **તાજેતરમાં નવી ચૂંટાયેલી NDA સરકાર દ્વારા 17મી લોકસભાની રચના બાદ 8 કેબિનેટ કમિટિનું પુનર્ગઠન કરવામાં આવ્યું છે જેમાંથી કેટલીક અગત્યની સમિતિ નીચે મુજબ છે....**

**(1) Appointment Committee of Cabinet**
⇒ નરેન્દ્ર મોદી અને અમિત શાહ

**(2) Cabinet Committee on Accommodation**
⇒ અમીત શાહ, નીતિન ગડકરી, નિર્મલા સીતારામન, પીયુષ ગોયલ

**(3) Cabinet Committee on Security**
⇒ નરેન્દ્ર મોદી, નિર્મલા સીતારામન, રાજનાથ સિંહ, જયશંકર

**(4) Cabinet Committee on Investment Growth**
⇒ નરેન્દ્ર મોદી, અમિત શાહ, નીતિન ગડકરી, નિર્મલા સીતારામન, પીયુસ ગોયલ

For Free Weekly and Monthly Current Affairs & Material Join Our Telegram Channel
For Mock Test &Books Materials: https://www.bankingacademy.co.in/books-materialsFollow us:Facebook , Twitter , Instagram

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (HO) 7046633255 | વરાછા 7046416555 | અમદાવાદ 7046055566 | વ્યારા 9099864658 | નવસારી 7046641555 | ભરૂચ 7096237555 | વલસાડ 8140137555 | વાપી 7575003664

❖ **કેન્દ્રીય જનજાતિ બાબતોનાં મંત્રાલય દ્વારા વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃત્તિની સહાય સીધી ખાતામાં જમા કરાવવાની પ્રોસેસને વ્યવસ્થિત બનાવવા તથા ઝડપી બનાવવા માટે DBT ટ્રાઈબલ વેબ પોર્ટલની શરૂઆત કરી. જેનું વેબપોર્ટલ dbttribal.gov.in છે.**

→ આ પ્લેટફોર્મ લાભાર્થીને લગતા ડેટા અપલોડ કરવા, પ્રશ્નોનું નિરાકરણ લાવવા તથા પ્રતિસાદ આપવા માટે તમામ રાજ્યોને એક સામાન્ય (કોમન) પ્લેટફોર્મ પૂરું પાડશે.

→ તેમાં 29 કોલમ ધરાવતું 'ડેટા શેરિંગ ફોર્મેટ' અપનાવવામાં આવ્યું છે જેમાં લાભાર્થીની તમામ માહિતોનો સંગ્રહ થશે. આ યોજનાને આધાર સાથે પણ જોડવામાં આવી છે. આ વેબસાઈટ પર 29 રાજ્યો અને 2 કેન્દ્ર શાસિત પ્રદેશોએ નિર્ધારિત ફોર્મેટમાં તમામ માહિતી આપવી ફરજીયાત છે.

→ વર્તમાનમાં શિષ્યવૃત્તિને લગતી 5 કેન્દ્રીય યોજનાઓનું અમલીકરણ રાજ્ય સરકાર દ્વારા થાય છે.

❖ **તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા તમામ લોકોને પીવાનું ચોખ્ખુ પાણી પુરુ પાડવા માટે 2024 નાં વર્ષનો લક્ષ્યાંક નિર્ધારિત કરાયો છે.**

→ આ લક્ષ્યાંક અંતર્ગત 2024 માં વર્તમાનમાં 18% પાઈપ વડે પૂરા પાડવામાં આવતા લક્ષ્યાંકને 100% સુધી લઈ જવાનો નિર્ધાર કર્યો છે.

→ વર્તમાનમાં ઉત્તરપ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, ઓડિસા અને પશ્ચિમ બંગાળમાં પીવાના પાણીઓનો વ્યાપ 5% કરતાં પણ ઓછો છે જ્યારે સિક્કિમ 99% ઘરેલુ પાણીની વ્યવસ્થા સાથે મોખરાનું સ્થાન ધરાવે છે.

→ બંધારણની સાતમી અનુસૂચિમાં પાણીએ રાજ્ય યાદીનો 17માં ક્રમાંકનો વિષય છે.

❖ **ભારત દ્વારા તાજેતરમાં 20માં કારગિલ વિજય દિવસ ઉજવવામાં આવ્યો.**

→ કારગિલ યુદ્ધ વખતે (1999) માં ભારતે ત્રણેય સૈન્યની મદદથી "ઓપરેશન વિજય" ચલાવ્યું હતું જેમાં ભારતનો વિજય થયો હતો.

→ આ વર્ષે તેની ઉજવણી 25 થી 27 જુલાઈ દ્રાસ અને નવી દિલ્હી ખાતે કરવામાં આવી હતી.

→ થીમ : 'Remember, Rejoice and Renew

❖ **લોકસભાની ચૂંટણીમાં 60,000 કરોડથી પણ વધુ ખર્ચ : સેન્ટર ફોર મિડિયા સ્ટડીઝનો રિપોર્ટ :**

→ થિંક ટેન્ક સેન્ટર ફોર મિડીયા સ્ટડીઝ મુજબ, આ ચુંટણીમાં એક વોટ પર એવરેજ રૂપિયા 700નો ખર્ચ કરવામાં આવ્યો. તેમજ દરેક લોકસભા વિસ્તારમાં રૂપિયા 100 કરોડનો ખર્ચ થયા છે.

→ 17મી લોકસભા માટે યોજાયેલ ચૂંટણી માત્ર ભારતની જ નહી પણ વિશ્વની સૌથી મોંઘી ચૂંટણી સાબિત થઈ છે. આ રિપોર્ટ મુજબ 17મી લોકસભા ચૂંટણી માટે ઉમેદવારો તરફથી અંદાજે 60,000 કરોડ ખર્ચ થયો છે. જ્યારે ચૂંટણી આયોગે પણ આ રકમના 15% ખર્ચ કર્યો છે.

❖ **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા NITI આયોગનું પુનર્ગઠન કરવામાં આવ્યું.....**

→ આ સમીતીનું પુનર્ગઠન આગામી 5 જુન 2019 ના રોજ નીતિ આયોગની ગર્વનિંગ કાઉન્સીલની 5મી બેઠક અગાઉ લેવામાં આવ્યો છે.

- **પુનર્ગઠન મુજબનાં બદલાવો નીચે મુજબ છે.**
  - ⇒ નીતિ આયોગના ઉપાધ્યક્ષ : રાજીવ કુમાર
  - ⇒ અન્ય સભ્યો (ત્રણ) : વિ.કે.સારસ્વત, રમેશ ચંદ, ડો. વિ.કે.પોલ (વિવેક દેબેરોયનો સમાવેશ કરાયો નથી)
- **નીતિ આયોગનું સંપૂર્ણ માળખું નીચે મુજબ છે :**

(1) અધ્યક્ષ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી
(2) ઉપાધ્યક્ષ : ડો. સંજીવ કુમાર
(3) પૂર્ણ–કાલીન સદસ્યો : (i) વિ.કે. સારસ્વત , (ii) પ્રો. રમેશ ચંદ , (iii) ડો. વિ.કે.પોલ
(4) હોદ્દાની રૂએ સભ્યો (ચાર) : (i) રાજનાથ સિંહ, (ii) અમિત શાહ, (iii) નિર્મલા સીતારામન, (iv) નરેન્દ્ર સિંહ તોમર
(5) ખાસ આમંત્રિત સભ્યો (ચાર) : (i) નીતિન ગડકરી , (ii) પીયુષ ગોયેલ , (iii) થાવરચંદ ગેહલોત, (iv) રાવ ઈન્દ્રજીત સિંહ

- **નીતિ આયોગની ગર્વનિંગ કાઉન્સિલ અધ્યક્ષ :** વડાપ્રધાન

**અન્ય સભ્યો :** હોદ્દાની રૂએ આમંત્રીત સભ્યો, ઉપાધ્યક્ષ, પૂર્ણકાલીન સભ્યો, તમામ રાજયનાં મુખ્યમંત્રી, દિલ્હી અને પુડૂચેરીનાં મુખ્યમંત્રી, આંદામાન નિકોબાર ટાપુનાં ઉપરાજ્યપાલ, આ ઉપરાંત નીતિ આયોગ દ્વારા આમંત્રીત ખાસ સદસ્યો.

❖ **15 જૂન, 2019ના રોજ ભારતમાં નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની પાંચમી બેઠકનું આયોજન થયું હતું.**

→ આ બેઠકમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શ્રીમતી મમતા બેનર્જી, તેલંગણાના મુખ્યમંત્રી શ્રી કે.ચંદ્રશેખર રાવ તેમજ પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહ સિવાય ભારતના અન્ય મુખ્યમંત્રી, જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ, આંદમાન–નિકોબારના ઉપરાજ્યપાલ ઉપરાંત ગવર્નિંગ કાઉન્સિલના અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

- **નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની આ પાંચમી બેઠકમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2022 સુધીમાં 'ન્યુ ઈન્ડિયા'ના સર્જનનો સંકલ્પ વ્યકત કર્યો હતો.**
  - → આ ઉપરાંત તેમણે વર્ષ 2024 સુધીમાં ભારતની અર્થવ્યવસ્થા 5 ટ્રિલિયન ડોલર એટલે કે 5000 અબજ ડોલર સુધી લઈ જવાનું વિઝન વ્યકત કર્યુ હતું. આ લક્ષ્યની પ્રાપ્તિ માટે તેમણે રાજ્યોને તેમની અર્થવ્યવસ્થા 2 થી 2.5 ટકા સુધી વધારવાનું લક્ષ્ય રાખવાનું આહવાન કર્યુ હતું.
- **નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની આ બેઠકમાં ઉપસ્થિત ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે –**
  - → દેશના કૃષિ અર્થતંત્રમાં ગુજરાતનો ફાળો 7.3 ટકા છે. વર્ષ 2018 માં ગુજરાતનાં કૃષિ ઉત્પાદનમાં 12.11 ટકાનો વધારો થયો હતો.
  - → નાણાંકીય વર્ષ 2017-18 દરમિયાન ગુજરાત રાજ્યના અર્થતંત્રનો વૃદ્ધિ દર 11.2 ટકા રહ્યો હતો.
  - → જ્યારે છેલ્લા પાંચ વર્ષનો ગુજરાતના અર્થતંત્રનો સરેરાશ વૃદ્ધિ દર 9.9 ટકા છે.
  - → આ ઉપરાંત ગુજરાત 2600 કિ.મી.થી વધુની રાજ્યવ્યાપી નેચરલ ગેસ ગ્રીડ ધરાવતું ભારતનું સૌપ્રથમ અને એકમાત્ર રાજ્ય છે.

Banking Academy

❖ **તાજેતરમાં ડાયરેકટર જનરલ ઓફ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (ICG) રાજેન્દ્ર સિંઘ દ્વારા 4 થી કોસ્ટ ગાર્ડ સબોર્ડિનેટ ઓફિર્સસ કોન્કલેવ 2019નું આયોજન કરવામાં આવ્યું હતું.......**

→ ICG નું આયોજન તેના મુખ્યાલય નવી દિલ્હી ખાતે કરાયું હતું.

→ આ કોન્કલેવમાં નાવીક વિનોદને ''ઉત્તમ જીવન રક્ષા પદક'' થી સન્માનિત કરાયા હતા.

→ આ પ્રસંગે Coast Guard Benevolent Association App નું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું. આ એપનો ઉપયોગ કોસ્ટ ગાર્ડના કર્મચારીઓ દ્વારા ઓનલાઈન નાણાકિય સુવિધા મેળવવા માટે કરવામાં આવશે જેનાંથી પેપરલેસ ટ્રાન્ઝેકશન તથા વહિવટમાં સરળતા થશે.

❖ **કેન્દ્રિય કેબિનેટ દ્વારા ખેડૂતોનાં પશુધનને સ્વાસ્થયપ્રદ બનાવવા તથા પ્રાણીઓમાં થતાં FMD (Foot and Mouth Disease) તથા બ્રુસેલ્લોસીસ (Brucellosis) થી રક્ષણ આપવા માટે નવી પહેલ શરૂ કરવામાં આવી....**

→ આ પહેલનો મુખ્ય હેતુ આગામી પાંચ વર્ષમાં દેશમાં રહેલા પશુધનને થતાં આ રોગોનું સંપૂર્ણ નિયંત્રણ મેળવી તેને દૂર કરવાનો છે.

→ આ યોજના માટેનો સંપૂર્ણ ખર્ચ કેન્દ્ર સરકાર દ્વારા ભોગવવામાં આવશે.

- **FMD ની બાબતમાં :** તેનાં અંતર્ગત નવાં જન્મેલા પશુઓને પ્રાથમિક રસીકરણની સાથે ગાય–ભેંસ અને બળદોનું (30 કરોડ) રસીકરણ કરવામાં આવશે ઉપરાંત 20 કરોડ ઘેટાં–બકરાઓનું રસીકરણ ઉપરાંત 1 કરોડ ભૂંડનું છ મહિનાનાં અંતરાલમાં રસીકરણ કરવામાં આવશે.
- **Brucellosis Control Programme :** તેનાં અંતર્ગત 3.6 કરોડ માદા પુશઓનું 100% રસીકરણ કરવામાં આવશે.
- **FMD અને Brucellosis ના નુકસાન :**

⇒ આ પ્રકારના રોગો ગાય–બળદ, ભેંસ અને ઘેટાં–બકરા તથા ભૂંડ વગેરેમાં સામાન્ય છે. જો ગાય–ભેંસ FMDના પરિણામે રોગીત થાય તો તેનાં પરિણામે 100% દૂધ ઉત્પાદન નું નુકસાન થઈ શકે છે જે 4 થી 6 મહિના સુધી ભોગવવું પડી શકે છે.

⇒ બ્રુસેલ્લોસીસનાં પરિણામે પ્રાણીના સંપૂર્ણ જીવનકાળ દરમિયાન દૂધના આઉટપુટમાં 30% નો ઘટાડો થાય છે અને તેના પરિણામે પ્રાણી બિન–ફળદ્રુપ પણ બની શકે છે.

⇒ આ ઉપરાંત આ રોગ કામ કરતાં ખેતમજૂરોમાં પણ ફેલાઈ શકે છે. આ બંને રોગોના પરિણામે દૂધ ઉત્પાદન અને પશુધનના ઉત્પાદનને સીધી અસર થાય છે.

❖ **પ્રથમ વિશ્વ ખાદ્ય સુરક્ષા દિન નિમિત્તે કેન્દ્રીય સ્વાસ્થય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા કેટલાય અગત્યનાં પગલાઓ ભરવામાં આવ્યા હતા જે નીચે મુજબ છે.....**

- **State Food Safety Index (SFSI) :**

⇒ કેન્દ્રીય સ્વાસ્થય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળ કાર્ય કરતાં Food Safety and Standards Authority of India (FSSAI) દ્વારા પાંચ માપદંડોના આધારે રાજ્યોની ખાદ્ય સુરક્ષાની ગણતરી કરવા માટે ''State Food Safety Index'' ની શરૂઆત કરવામાં આવી હતી.

- **Raman 1.0 :**

⇒ તે હાથમાં બેટરીથી સંચાલિત ખાદ્ય ખોરાકમાં ચરબી,ઘી અને ખાદ્યતેલમાં 1 મિનિટનાં ઓછા સમયમાં ઝડપથી ભેળસેળની માહિતી આપે છે.

- **Food Safety Magic Box :**

⇒ તે ખાદ્ય ખોરાકમાં રહેલી ભેળસેળને કોઈપણ વ્યકિત જાતે માપી શકે તે માટેની કિટ છે. તે શાળાઓમાં ખાદ્ય સુરક્ષા વધારવાનું કાર્ય કરશે.

- **Eat Right Awards :**

⇒ આ એવોર્ડ ખાદ્ય કંપનીઓ અને વ્યકિતગત નાગરિકોને ખાદ્ય ખોરાક સુરક્ષા તથા સ્વાસ્થયની પસંદગીના વિકલ્પોને પ્રોત્સાહન આપવા તથા સ્વાસ્થય અને સારા કાર્યોને આગળ વધારવા માટે FSSAI દ્વારા આપવામાં આવે છે.

- 7 જુન : વર્લ્ડ ફુડ સેફટી ડે (પ્રથમ)

⇒ થીમ : ''Fod safety, everyone's business'' ⇒ સંસ્થા : WHO + FAO

❖ **તાજેતરમાં ભારત સરકારનાં માહિતી અને પ્રસારણ મંત્રાલય (I & B) દ્વારા યોગાને પ્રોત્સાહન આપવા તથા દર વર્ષે 21 જૂનનાં રોજ ઉજવાતા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જાગૃતિ લાવવા બદલ એક નવા એવોર્ડ ''આતંરરાષ્ટ્રીય યોગ દિવસ મીડિયા સન્માન''ની શરૂઆત કરી છે...**

→ આ એવોર્ડ પ્રિન્ટ મિડિયા અને ઈલેકટ્રોન મિડિયા (ટીવી અને રેડિયો સહિત) સાથે જોડાયેલા મિડિયા ગૃહોને આપવામાં આવશે.

→ તેનાં અંતર્ગત 10 થી 25 જૂન દરમિયાન થયેલા યોગા દિવસના મિડિયા કેન્પેનને ધ્યાનમાં રાખીને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ એવોર્ડ આપવામાં આવશે.

→ આ સન્માન દરમિયાન કુલ 33 એવોર્ડ આપવામાં આવશે જેમાં નીચેની ત્રણેય કેટેગરીને 11 – 11 એવોર્ડ આપવામાં આવશે. ઉપરાંત આ એવોર્ડ બંધારણમાં આઠમી અનુસૂચિમાં દર્શાવવામાં આવેલી 22 ભારતીય ભાષાઓ તથા અંગ્રેજીમાં માન્ય રહેશે.

(1) Best Media Coverage of Yoga in Newspaper
(2) Best Media Coverage of Yoga in Television
(3) Best Media Coverage of Yoga in Ratio

→ આ વર્ષે આ એવોર્ડ લગભગ જુલાઈ 2019માં જાહેર થશે.

❖ ભારતીય નૌસેનાની સૌથી જૂની અને **પ્રથમ એર સ્કવોડ્રન (INS) 550**ના તાજેતરમાં 60 વર્ષ પૂરા થયા છે. આથી, ભારતમાં કોચિ ખાતે આવેલા નૌસેના મથકમાં 17 જૂન, 2019ના રોજ તેની **હીરક જયંતી (Diamond Jubilee)** ની ઉજવણી કરવામાં આવી છે.

❖ **સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 જૂનના રોજ 'વિશ્વ યોગ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.**

→ વર્ષ 2019માં પાંચમાં 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.

→ 21 જૂનનો દિવસ ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ હોય છે તથા આ દિવસે સૂર્યની વિશિષ્ટ સ્થિતિને કારણે યોગ માટે તેનું વિશેષ મહત્વ છે.

→ 21 જૂન, 2019 ના રોજ પાંચમાં 'વિશ્વ યોગ દિવસ'ની રાજ્યકક્ષાની ઉજવણી ગુજરાતમાં અમદાવાદ ખાતે સરદાર પટેલ સ્ટેડિયમમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભારતીય યોગ પરંપરાનો પ્રચાર–પ્રસાર કરવા ગુજરાતમાં 'ગુજરાત રાજ્ય યોગ બોર્ડ'ની સ્થાપના કરવાની જાહેરાત કરી હતી.

→ આ ઉપરાંત આ દિવસે ગુજરાતમાં 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં વિવિધ ધર્મસંપ્રદાયના આશરે 1000 જેટલા સંતો–મહંતો– ધર્મગુરૂઓની સાથે સામૂહિક સાંધ્ય યોગ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

→ 21 જૂન, 2019 ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઝારખંડના રાંચી ખાતે આવેલા પ્રભાત તારા મેદાનમાં આયોજિત વિશ્વ યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

→ સમારોહમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગ અથવા તો યોગ દિવસ માટેના આદર્શ વાક્ય (motto) : 'Yoga for Peace, Harmony and Progress' (શાંતિ, સદભાવ અને પ્રગતિ માટે યોગ)ની જાહેરાત કરી હતી.

→ ઈતિહાસમાં સૌપ્રથમ વખત સંયુક્ત રાષ્ટ્રની મહાસભાના હોલમાં પણ આ પાંચમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

→ 20 જૂન, 2019 ના રોજ ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા વર્ષ 2019ના 'યોગના વિકાસ અને પ્રોત્સાહનમાં ઉત્કૃષ્ટ યોગદાન માટેના પ્રધાનમંત્રી પુરસ્કાર' વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી. જેમના નામ આ પ્રમાણે છે :

**(1) સ્વામી શ્રી રાજર્ષી મુનિ : (વ્યક્તિગત – રાષ્ટ્રીય કેટેગરી)**

⇒ સ્વામી શ્રી રાજર્ષી મુનિ ગુજરાતના લીંબડી પાસે આવેલા જાખણ સ્થિત 'રાજરાજેશ્વર ધામ'ના પ્રસિદ્ધ યોગી છે.

**(2) સુશ્રી એન્ટોનિટા રોઝી લેરિસી : (વ્યક્તિગત – આંતરરાષ્ટ્રીય કેટેગરી))**

⇒ સુશ્રી એન્ટોનિટા રોઝી લેરિસી ઈટલીના પ્રસિદ્ધ યોગ શિક્ષિકા છે.

**(3) બિહાર સ્કૂલ ઓફ યોગ : (સંગઠન – રાષ્ટ્રીય કેટેગરી)**

⇒ બિહાર સ્કૂલ ઓફ યોગ, મુંગેરની સ્થાપના 1964માં શ્રી સ્વામી સત્યાનંદ સરસ્વતી દ્વારા કરવામાં આવી હતી.

**(4) જાપાન યોગ નિકેતન : (સંગઠન – આંતરરાષ્ટ્રીય કેટેગરી)**

⇒ જાપાન યોગ નિકેતનની સ્થાપના 1980માં થઈ હતી. જાપાનમાં યોગના વિકાસમાં તેનું મહત્વનું યોગદાન છે.

⇒ આ સંસ્થા ભારતમાં ઋષિકેશ ખાતે આવેલી યોગ નિકેતન તથા બેંગલુરુ ખાતે આવેલી એસ–વ્યાસ યોગ યુનિવર્સિટીના સહયોગથી કાર્ય કરે છે.

→ 21 જૂન, 2016 ના રોજ બીજા આંતરરાષ્ટ્રીય યોગ સમારોહ દરમિયાન ચંદીગઢ ખાતેથી ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ એવોર્ડ શરૂ કરવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ ભારતમાં વર્ષ 2017 થી આ પુરસ્કારનો પ્રારંભ થયો હતો.

→ ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા આ પુરસ્કારનું સંચાલન થાય છે. આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને એક ટ્રોફી, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. જેમાં આ પુરસ્કાર અંતર્ગત દરેક વિજેતાને રૂ. 25 લાખ કેશ આપવામાં આવે છે.

❖ **તાજેતરમાં જૂન 2019 દરમિયાન NCERT દ્વારા નવી દિલ્હી ખાતે સ્કૂલના બાળકો માટે રાષ્ટ્રીય યોગ ઓલિમ્પિયાડ 2019 નું આયોજન કરવામાં આવ્યું હતું.**

→ NCERT દ્વારા ભારતમાં યોજાયેલો આ ચોથો રાષ્ટ્રીય યોગ ઓલિમ્પિયાડ હતો.

→ ભારતમાં સ્કૂલના બાળકોમાં યોગ પ્રત્યે જાગૃતિ લાવવાના તેમજ તેમનામાં ટીમ ભાવના અને આત્મવિશ્વાસ વધારવા માટે આ યોગ ઓલિમ્પિયાડનું આયોજન કરવામાં આવે છે.

⇒ મુખ્ય ચાર કેટેગરીમાં એનાયત થયેલા આ ઓલિમ્પિયાડના મેડલોમાંથી ઉચ્ચ પ્રાથમિક સ્કૂલના છોકરાઓની કેટેગરીમાં ગુજરાતની ટીમને ગોલ્ડ મેડલ મળ્યો હતો.NCERT નું પૂરું નામ National Council of Educational Research And Training છે.

❖ **ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નવી સરકારની રચના બાદ ભારતમાં કિસાનો માટે નવી 'પ્રધાનમંત્રી કિસાન પેન્શન યોજના' શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.**

→ ભારતમાં કિસાનો માટેની આ એક બૃહદ પેન્શન યોજના છે.

→ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં કિસાનોને વૃદ્ધાવસ્થા દરમિયાન સામાજિક સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો છે.

→ આ યોજના અંતર્ગત ભારતમાં ઓછામાં ઓછા આશરે 5 કરોડ જેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ અપાવવાની સરકારની યોજના છે.

→ આ યોજનાથી લાભાર્થી ખેડૂતને 60 વર્ષની ઉંમરથી દર મહિને ઓછામાં ઓછું રૂ. 3000 પેન્શન આપવામાં આવશે.

→ આ યોજના માટે સરકારને દર વર્ષે આશરે રૂ. 10,775 કરોડ જેટલો ખર્ચ થવાની સંભાવના છે.

→ 18 થી 40 વર્ષ સુધીની ઉંમર ધરાવતા ખેડૂતો આ યોજનાનો લાભ લઈ શકશે.

→ આ માટે ખેડૂતે દર મહિને કેટલીક નિશ્ચિત રકમ પોતાના પેન્શન ખાતામાં જમા કરાવવાની રહેશે.

→ લાભાર્થી દર મહિને જેટલી રકમ ચૂકવશે તેની સામે સરકાર પણ તેના પેન્શન ખાતામાં તેટલી રકમ જમા કરાવશે.

→ આ માટે લાભાર્થી ખેડૂતે તેમની કાર્યશીલ ઉંમર દરમિયાન દર મહિને 55 થી 200 રૂપિયા સુધીની રકમ જમા કરાવવી પડશે.

→ જો કોઈ ખેડૂત 18 વર્ષની ઉંમરથી આ યોજનામાં જોડાય તો તેમણે દર મહિને ફક્ત 55 રૂપિયા જ આપવાના રહેશે.

→ અને જો કોઈ ખેડૂત 29 વર્ષની ઉંમરથી આ યોજનામાં જોડાય તો તેમણે દર મહિને રૂ. 100 અને 40 વર્ષની ઉંમરથી આ યોજનામાં જોડાય તો તેમણે દર મહિને રૂ. 200 ચૂકવવાના રહેશે.આ યોજના માટે ફંડ મેનેજર LIC ઓફ ઈન્ડિયા રહેશે.

❖ **ભારતમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ડ્રાફ્ટ તૈયાર કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2017માં ઈસરોના પૂર્વ અધ્યક્ષ શ્રી કે.કસ્તુરી રંગનની અધ્યક્ષતામાં એક કમિટીની રચના કરવામાં આવી હતી.**

→ શ્રી કે.કસ્તુરી રંગનની અધ્યક્ષતામાં બનેલી આ કમિટીમાં અધ્યક્ષ સહિત કુલ 9 સભ્યો હતા.

→ શ્રી કે.કસ્તુરીરંગનની અધ્યક્ષતાવાળી આ કમિટીએ પોતાનો રિપોર્ટ માનવ સંસધાન વિકાસ મંત્રાલયના કેબિનેટ મંત્રી શ્રી રમેશ પોખરિયાલ 'નિશંક' ને સોંપી દીધો છે. આ રિપોર્ટમાં કરવામાં આવેલી કેટલીક મુખ્ય ભલામણો આ પ્રમાણે છે :

(1) રાષ્ટ્રીય શિક્ષણ આયોગની સ્થાપના કરવી.
(2) ખાનગી સ્કૂલોમાં વસૂલવામાં આવતી મનમાની ફી અટકાવવી અને સાથે સાથે ખાનગી સ્કૂલોને તેમની ફી નક્કી કરવાનો અધિકાર પણ આપવો.
(3) સ્કુલના અભ્યાસક્રમ તથા ટેકસબુકમાં વિવિધ વિષયોમાં ભારતના યોગદાન તથા ભારતની ગૌરવશાળી ઐતિહાસિક માહિતીનો સમાવેશ કરવામાં આવે.
(4) 10 + 2 ને બદલે નવી 5 + 3 + 3 + 4 ની શિક્ષણ વ્યવસ્થા અમલમાં મૂકવી.
(5) 3-8, 8-11, 11-14, 14-18 ની વય જૂથમાં પાઠકોના રસ પ્રમાણે શિક્ષણ અપાય તેવી વ્યવસ્થા કરવી.
(6) દરેક સ્ટેજમાં ભારતીય અને સ્થાનિક પરંપરાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે તર્કશકિત, સામાજિક સંવેદનાઓ સાથેનું શિક્ષણ, ગુણાત્મક અને તાર્કિક સમજ, ગાણિતિક સમજ, ડિજિટલ જ્ઞાન, વૈજ્ઞાનિક જુસ્સો, ભાષાઓ અને કોમ્યુનિકેશન સ્કિલ પર વધુ ધ્યાન આપવામાં આવે.

- **ભારતમાં પ્રથમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (National Policy on Education-NPE)1968 માં વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની સરકાર દ્વારા જાહેર કરવામાં આવી હતી.**

→ ત્યારબાદ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીની સરકાર દ્વારા 1986 માં ભારતમાં બીજી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જાહેર કરવામાં આવી હતી.

→ ભારતમાં હાલ 1986 માં જાહેર કરવામાં આવેલી આ બીજી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલમાં છે.

→ જોકે, તેમાં 1992માં ફેરફાર કરવામાં આવ્યો હતો. શ્રી કે. કસ્તુરી રંગનનું પૂરું નામ શ્રી કૃષ્ણાસ્વામી કસ્તુરીરંગન છે.

## આંતરરાજય

❖ ઝિઅસ્ટ અષ્ટમી પર **ખોર ભવાની મેળા**ના વાર્ષિક તહેવારની શરૂઆત સાથે હજારો કાશ્મીરી પંડિત ભકતોએ **જમ્મુ અને કાશ્મીર**ના ગંદરબાલ જીલ્લાના પ્રખ્યાત રાણગ્યા દેવી મંદિરમાં પ્રાર્થના કરી હતી. આ મેળાનું આયોજન શ્રીનગરથી 14 km. પૂર્વમાં થાય છે.

❖ તાજેતરમાં 1 જૂન, 2019 ના રોજ રાજસ્થાનના ચૂરૂમાં 50.8 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સાથે જ 1 જૂન, 2019 ના રોજ રાજસ્થાનના ચૂરૂ ભારતનું સૌથી ગરમ અને વિશ્વનું ત્રીજા નંબરનું સૌથી ગરમ શહેર બની ગયું હતું. આ દિવસે લિબિયાના બેર્નીનામાં સૌથી વધુ 51.9 ડિગ્રી અને બીજા નંબરે પાકિસ્તાનમાં જેકોકાબાદમાં 51.1 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

❖ **INFORMATION FUSION CENTRE INDIAN OCEAN REGION (IFC - IOR)** નાં કાર્યક્રમ હેઠળ ભારતીય નૌસેના દ્વારા હરિયાણા ગુરુગ્રામ ખાતે Maritime Information Sharing Workshop-2019 નું આયોજન થયું હતું.

- **IFC-IOR ની શરૂઆત 2018 માં તત્કાલિન સંરક્ષણ મંત્રી નિર્મલા સિતારામન્ દ્વારા હિંદ મહાસાગર ક્ષેત્રમાં સુરક્ષા વધારવા કરાઈ હતી.**

→ આ વર્કશોપમાં હિંદ મહાસાગર ક્ષેત્રનાં 29 દેશોના 41 જેટલાં મહાનુભાવોએ ભાગ લીધો હતો.

→ અત્રે નોંધનીય છે કે વિશ્વનાં 75% સમુદ્રી વ્યાપાર તથા 50% વૈશ્વિક ઓઈલનું વહન હિંદ મહાસાગર ક્ષેત્રમાંથી થાય છે.

❖ **જમ્મુ અને કાશ્મીર રાજ્યમાં 6 મહિના માટે ફરીથી રાજ્યપાલ શાસનને કેબિનેટની મંજૂરી.**

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળની કેબિનેટ કમીટી દ્વારા ભારતીય બંધારણની અનુચ્છેદ 256(4) નો ઉપયોગ કરીને છ મહિના માટે રાષ્ટ્રપતિ શાસનને લંબાવવામાં આવ્યો છે.

- **જમ્મુ–કાશ્મીર રાજ્યના રાજ્યપાલ સત્યપાલમાલિકના અહેવાલને પગલે આ નિર્ણય લેવાયો છે.**

→ કેબિનેટના આ નિર્ણયના અમલીકરણ માટે તેને સંસદના આગામી સત્રમાં બન્ને ગૃહો સંયુકત ઠરાવ રજૂ કરવામાં આવશે.

→ આ ઉપરાંત અનુચ્છેદ 324 નો ઉપયોગ કરીને ભારતીય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીને પણ લંબાવવાનો નિર્ણય લીધો હતો.

❖ **આંધ્રપ્રદેશ મુખ્યમંત્રી શ્રી વાય.એસ.જગન મોહન રેડ્ડી દ્વારા રાજ્યમાં CBI એ પ્રવેશવાની છૂટ આપવામાં આવી.....**

→ આ અગાઉ શ્રી ચંદ્રબાબુ નાયડુની સરકાર દ્વારા રાજ્યમાં CBIને પ્રવેશવાની અનુમતી આપવામાં આવી ન હતી.

→ તાજેતરમાં નવી ચૂંટાયેલી યુવાજન શ્રમીક રૈતુ (Yuvajana Sramika Raithy) કોંગ્રેસ પાર્ટીના મુખ્યમંત્રી વાય.એસ.જગન મોહન રેડ્ડી દ્વારા આંધ્રપ્રદેશ રાજ્યમાં CBI નાં પ્રવેશવા માટેનાં નવા નિર્દેશો જારી કર્યા છે.

→ આમ હવે CBI આંધ્રપ્રદેશમાં રાજ્ય સરકારની પરવાનગી વીના ભ્રષ્ટાચાર અને અન્ય કેસોની તપાસ કરી શકશે.

- **CBI વિશે :**

→ **પુરૂ નામ :** Central Bureau of Investigation → **મુખ્યાલય :** નવી દિલ્હી

**નોંધ :** તે કાર્મિક, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયના અધિકાર ક્ષેત્ર હેઠળ દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિસમેન્ટ એકટ (DSPEA), 1946 અંતર્ગત કાર્ય કરે છે.તે વૈધાનિક સંસ્થા નથી (Non – statutory).

⇒ DSPEA એકટ, 1946 ના સેકશન–6 હેઠળ રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે જે–તે રાજ્યમાં તપાસ માટેની પરવાનગી આપવામાં આવે છે.

❖ **મધ્યપ્રદેશનું બાંચા દુનિયાનું પ્રથમ ગામ જ્યાં બધા ઘરોમાં સોલર ઈલેકટ્રીક ચુલા પર ભોજન બને છે.**

→ મધ્યપ્રદેશના બૈતુલ જિલ્લાનું બાંચા ગામ દુનિયાનું પ્રથમ એવું ગામ છે જ્યાં બધા 74 ઘરોમાં સોલર ઈલેકટ્રીક ચૂલા પર ભોજન બને છે. આ દાવો આઈઆઈટી મુંબઈના ટેકનિકલ પ્રોજેકટ મેનેજર વેંકટ પવનકુમારનો છે. તેનાથી પર્યાવરણ સંરક્ષણની સાથે જ મહિલાઓને ધુમાડાથી પણ મુક્તિ મળી છે.

→ ઘરમાં લાગેલી સૌર ઉર્જા સીસ્ટમ અને તેમાં લાગેલી બેટરીમાં 3 યુનિટ વીજળી સ્ટોર થાય છે.

❖ **દિલ્હી મેટ્રો "વેસ્ટ–ટૂ–એનર્જી" દ્વારા ઉત્પન્ન થતાં પાવરથી ચાલતો પ્રથમ પ્રોજેક્ટ બન્યો....**

→ આ પ્રોજેક્ટ દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનના પર્યાવરણ મિત્ર તંત્રની રચના કરવાનાં પરિણામે સફળ બન્યો છે.

→ જુન, 2019 થી દિલ્હી મેટ્રોની પિંક લાઈન (Pink Line of Delhi Metro) ને ઉત્તરપ્રદેશના ગાઝીપુર ખાતે સ્થાપવામાં આવેલા 12 MW નાં વેસ્ટ–ટૂ–એનર્જી પ્લાન માંથી 2 MW વીજળી પૂરી પાડવામાં આવે છે.

- **Waste – to – Energy Plant :**
  - ⇒ તે સ્વદેશમાં જ વિકસીત ટેકનોલોજી છે ઉપરાંત તેને ઈસ્ટ–દિલ્હી વેસ્ટ પ્રોસેસિંગ કંપની લિમિટેડ (EDWPCL) દ્વારા સ્થાપિત કરાઈ છે. તે એક ખાનગી જાહેર ભંડોળ (PPP) મોડેલ પર આધારીત છે જેમાં દિલ્હી સરકાર તરફથી ઈસ્ટ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન તથા EDWPCL દ્વારા ભાગીદારી કરાઈ છે.
  - ⇒ તે 1500 ટન પ્રતિ દિવસ (TPD) વેસ્ટનું પ્રોસેસિંગ કરીને 12 MW હરિત ઊર્જાનું નિર્માણ કરી શકે છે. તે ભારતનો પ્રથમ યુરો–નિયમોનું પાલન કરતો વેસ્ટ–ટૂ–એનર્જી સુવિધા ધરાવતો પ્લાન્ટ છે.
  - ⇒ આ પ્લાન્ટ પોતાના કાર્યકાળ દરમિયાન 8 મિલિયન ટન ગ્રીન હાઉસ ગેસ (GNG) ની માત્રા ઘટાડીને ગ્લોબલ વોર્મિંગને ઘટાડી શકે છે.
- **DMRC અને પર્યાવરણના પ્રયાસો :**
  - ⇒ DMRC એ કેન્દ્ર–રાજ્ય જાહેર ક્ષેત્રની કંપની છે જે દિલ્હી મેટ્રોનું સંચાલન કરે છે. 1995માં તેની સ્થાપના સમયથી જ તે પર્યાવરણના જતન માટે વિવિધ પગલાંઓ ભરે છે. દિલ્હી મેટ્રોએ દુનિયાનું પ્રથમ રેલ્વે આધારીત સંગઠન છે જેણે કાર્બન ક્રેડિટ પ્રાપ્ત કરી છે.

❖ **વાયએસઆર (YSR) રૈતુ ભરોસા યોજના.**

→ આંધ્રપ્રદેશના નવા મુખ્યમંત્રી જગમોહન રેડ્ડીએ કિસાનો માટે આર્થિક સહાય કરવા નવી યોજના બહાર પાડી છે. આંધ્રપ્રદેશ રાજયમાં 15 ઓકટોબરથી 'વાયએસઆર રૈતુ ભરોસા' યોજના શરૂ થવાની છે. આ યોજનાનું નામ ભૂતપૂર્વ બે વખત બનેલા મુખ્યમંત્રી શ્રી યેદુગુરી સંદિતી રાજશેખર રેડ્ડી (Yeduguri Sandinti Rajasekhara Reddy) પર રાખવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત કિસાનોને દરેક વર્ષે 12,500 રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવશે.

→ આ યોજના લાગુ થાય એ પહેલા મુખ્યમંત્રી જગમોહન રેડ્ડીએ ટીડીપી (TDP - Telugu Desam Party) સરકારની 'અન્નદાતા સુખીભવ યોજના' રદ કરી દીધી છે. વાયએસઆર (YSR) રૈતુ ભરોસા યોજના સાથે જ આંધ્રપ્રદેશમાં ગ્રામ સચિવાલયની સ્થાપના કરવામાં આવશે. આ ગ્રામ સચિવાલયમાં ગાવનાં 10 વ્યક્તિઓને રોજગાર આપવામાં આવશે.

❖ **ઉત્તરપ્રદેશ** સરકાર દ્વારા હિંદી, અંગ્રેજી અને ઉર્દૂ ભાષા ઉપરાંત હવે **સંસ્કૃત**માં પણ પ્રેસ રીલીઝ પ્રસિદ્ધ કરવામાં આવશે. ઉત્તરપ્રદેશમાં સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન આપવા માટે સરકારે આ નિર્ણય કર્યો છે.

❖ ભારતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી **અમિતાભ બચ્ચને** ભારતમાં ઉત્તરપ્રદેશના કેટલાક જિલ્લાઓમાં **'સી નાઉ'** અભિયાન લોન્ચ કર્યું છે. ભારતમાં અવોઈડેબલ બ્લાઈન્ડનેસ (ટાળી શકાય તેવા અંધાપા) ને દૂર કરવા માટે આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.

## ગુજરાત

❖ **8 જૂન, 2019 ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સુરતના અબ્રામા રોડ, ગોપીન ગામ ખાતેથી 'ફેમિલી ફાર્મર અભિયાન' નો શુભારંભ કરાવ્યો છે.**

→ આ અંતર્ગત તેમણે www.familyfarmerabhiyaan.com નામની વેબસાઈટનું ડિજિટલી લોન્ચિંગ કર્યુ હતું.

→ આ અભિયાન અંતર્ગત www.familyfarmerabhiyaan.com નામની વેબસાઈટ પર ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનું લિસ્ટ મૂકવામાં આવ્યું છે. ઓર્ગેનિક આહાર મેળવવા ઈચ્છતા લોકો આ ખેડૂતો સાથે કરાર કરી વિવિધ કૃષિ ઉત્પાદનો અને જરૂરી માર્ગદર્શન મેળવી શકશે.

→ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી દ્વારા લોકોને રસાયણ મુકત ખોરાક મળી રહે તે માટે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

→ આ ઉપરાંત આ અભિયાનનો અન્ય એક ઉદેશ વિલાયતી ખાતર અને જંતુનાશક દવાઓમાંથી મુક્તિ આપી ખેડૂતોને આર્થિક રીતે સમૃદ્ધ કરવાનો પણ છે.

→ સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ દ્વારા આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

→ સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટના પ્રમુખ પદ્મશ્રી મથુરભાઈ સવાણી આ અભિયાનના પ્રણેતા છે.

❖ **9 જૂન, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી શિક્ષણ વિભાગના વિવિધ પ્રોજેક્ટ્સનો પ્રારંભ કરાવ્યો છે. જેમાં નીચેના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.**

(1) શાળા પ્રવેશોત્સવ 2.0 નો પ્રારંભ (2) ગુણોત્સવ 2.0 નો પ્રારંભ (3) શાળા તત્પરતા કાર્યક્રમનો પ્રારંભ (4) કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનું ઉદ્દઘાટન

→ ગુજરાતમાં શૈક્ષણિક વર્ષ 2003-04 થી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શાળા પ્રવેશોત્સવ અભિયાનનો પ્રારંભ થયો હતો.

→ જેના પ્રતિવર્ષ આયોજનને કારણે હાલ નામાંકન 99.40 ટકા થયું છે અને ડ્રોપ આઉટ રેશિયો પણ ઉત્તરોત્તર ઘટીને 1.4 ટકા સુધી પહોંચ્યો છે. જે ઘટાડીને 0 ટકા સુધી લઈ જવાનું સરકારનું લક્ષ્ય છે.

❖ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર ગુજરાતમાં ઉચ્ચ અભ્યાસક્રમોની તમામ પ્રવેશ પ્રક્રિયામાં 10 ટકા આર્થિક પછાત અનામતનો અમલ ચાલ શૈક્ષણિક વર્ષથી જ કરવામાં આવશે. સરકારના આ નિર્ણયથી ભારતમાં 10 ટકા આર્થિક પછાત અનામતનો અમલ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બની ગયું છે.

❖ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર ખાતેથી ગુજરાત રાજ્યના માહિતી ખાતાના અધિકારી **શ્રી પુલક ત્રિવેદીના** પ્રથમ પુસ્તક **'ટૂંકુંને ટચ'**નું વિમોચન કર્યુ છે શ્રી પુલક ત્રિવેદીના 'ગાંધીનગર સામાચર' માં પ્રગટ થયેલા લેખોને આધારે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

❖ **'સ્ટેચ્યુ ઓફ યુનિટી' પાસે બટરફ્લાય ગાર્ડનનું નિર્માણ.**

→ સ્ટેચ્યુ ઓફ યુનિટીની એક સાઈટ સંપૂર્ણ વિકાસ થઈ ગઈ છે જ્યારે બીજી સાઈડને વિકસાવવામાં આવી રહી છે જેમા કેકટસ ગાર્ડન સાથે વનવિભાગ દ્વારા વિકસાવવામાં આવી રહ્યું છે જેમાં ભારતની તમામ પ્રજાતિ સાથે વિદેશોથી 50 થી વધુ પતંગિયાની પ્રજાતિઓ લાવવામાં આવશે જેને 31 ઓકટોબરના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદઘાટન કરવામાં આવશે.

❖ **જામનગરમાં દિવ્યાંગો માટે ગુજરાત રાજયનો પ્રથમ સેન્સરી પાર્ક બનશે.**

→ જામનગરમાં રોટરી કલબ ઓફ જામનગર દ્વારા મહાનગરપાલિકાના પદાધિકારીઓના સહયોગથી દિવ્યાંગ બાળકોના વિકાસ અને કેળવણીમાં ઉપયોગી થાય તે માટે શહેરમાં અંધાશ્રમ પાસે સેન્સરી પાર્ક બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

→ ગુજરાતમાં પ્રથમ જામનગરના સેન્સરી પાર્કના નિર્માણમાં અંદાજે રૂ. 30 લાખનો ખર્ચ થશે. ત્યારબાદ પ્રતિવર્ષ રૂ. 3.60 લાખનો નિભાવ ખર્ચનો અંદાજ વ્યકત કરવામાં આવ્યો છે. હાલ સમગ્ર ભારતમાં બેંગ્લોર, મદ્રાસ અને ભીવંડી ત્રણ સ્થળે સેન્સરી પાર્ક છે.

❖ ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ગુજરાતના ઔદ્યોગિક આર્થિક વિકાસને વેગ આપવા માટે ગુજરાતમાં **માઈનીંગ સેકટરને એટલે કે ખનીજ ખાણ ક્ષેત્રને ઉદ્યોગનો દરજ્જો** આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણયથી ગુજરાતમાં હવે માઈનીંગ સેકટરનો વધુ ઝડપથી વિકાસ થશે.

❖ **'વાયુ'એ ઉત્તર હિંદ મહાસાગરનું વર્ષ 2019નું ત્રીજું અને 'ફની'બાદ અત્યાર સુધીનું વર્ષ 2019 નું બીજું સૌથી તેજ ઉષ્ણકટિબંધિય ચક્રવાત હતું.**

→ જોકે,વર્ષ 2019 માં અરબી સમુદ્રમાં ઉદ્દભવેલું તે પ્રથમ ચક્રવાત હતું. ઉત્તરીય માલદીવ નજીક આ ચક્રવાતનો ઉદ્દભવ થયો હતો.

→ આ ચક્રવાતનું 'વાયુ' નામ ભારત દ્વારા આપવામાં આવ્યું હતું. સંસ્કૃત અને હિન્દી ભાષામાં પ્રચલિત 'વાયુ' શબ્દનો અર્થ 'પવન' થાય છે.

→ આ વાવાઝોડા દરમિયાન ગુજરાત સરકાર દ્વારા "Zero tolerance and Zero casuality" અપ્રોચ અપનાવવામાં આવ્યો હતો.

- **45°પૂ. થી 100° પૂ.વચ્ચેના ઉત્તર હિંદ મહાસાગરના ઉષ્કટિબંધિય ચક્રવાતના નામ ભારત મૌસમ વિભાગમાં India Meterological Department (IMD/RMSC, નવી દિલ્હી) દ્વારા આપવામાં આવે છે.**

  → આ માટે બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા અને થાઈલેન્ડ એમ કુલ 8 દેશો દ્વારા સૂચિત 64 નામોનું એક લિસ્ટ બનાવવામાં આવ્યું છે.

  → 'વાયુ'બાદ હવે ઉદ્દભવ થનાર ચક્રવાતને માલદીવ દ્વારા સુચિત 'હિક્કા' નામ આપવામાં આવશે.

❖ **ઈ–ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાતની વધુ એક સિદ્ધિ : CCMS ક્ષેત્રે ગુજરાતને CSI નો પ્રતિષ્ઠિત એવોર્ડ' ધ એવાર્ડ ઓફ એકસેલન્સ' એનાયત.**

→ Computer Society Of India (CSI) દ્વારા તાજેતરમાં ગુજરાત સરકારની ઈ–ગવર્નન્સ સિસ્ટમ Computerized Case Monitoring System (CCMS) ને CSI NIhilent e-governance Awards 2018 Award of Excellence એનાયત થયો છે.

→ હૈદરાબાદ ખાતે તત્કાલીન અધિક સચિવ શ્રી વિકટર મેકવાન દ્વારા આ એવોર્ડ સ્વીકારવામાં આવ્યો છે.

→ ગુજરાતમાં મહેસૂલી કેસોના મેનેજમેન્ટ માટે મે-2015 થી ઓનલાઈન Computerized Case Monitoring System (CCMS) નો પ્રારંભ થયો હતો.

- **ગુજરાતમાં મહેસૂલી કેસોના મેનેજમેન્ટના માટે મે–2015 થી ઓનલાઈન Computerized Case Monitoring System (CCMS) નો પ્રારંભ થયો હતો.**

  → CCMS દ્વારા મહેસૂલી કેસોની તમામ પ્રક્રિયા ઓનલાઈન થતા કેસનું મોનિટરિંગ અને એનાલિસિસ સરળ બન્યું છે. આ ઉપરાંત તેનાથી નાગરિકોને કેસનું સ્ટેટસ, કેસની વિગત, મહેસૂલી કેસોની સુનાવણીની તારીખ તથા હુકમ માહિતી પણ સરળાથી મળી રહે છે.

❖ **16 જૂન, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં પંચમહાલ જીલ્લાના મોરવા હડફ તાલુકાના ખાનપુર ખાતેથી રાજ્ય વ્યાપી 'કૃષિ મહોત્સવ 2019' અથવા તો રાજ્ય વ્યાપી 'ખરીફ કૃષિ મહોત્સવ 2019'નો શુભારંભ કરાવ્યો છે.**

→ રાજયના ખેડૂતો આધુનિક અને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરીને સમૃદ્ધિ મેળવે તે ઉદ્દેશથી ગુજરાતમાં વર્ષ 2005 થી કૃષિ મહોત્સવનો પ્રારંભ થયો છે.

→ આ અંતર્ગત વર્ષ 2019માં ગુજરાતમાં 15મા કૃષિ મહોત્સવનું આયોજન થયું છે.

→ આ કૃષિ મહોત્સવની સાથે સાથે પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના ખાનપુર ખાતે પશુ આરોગ્ય મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

(1) ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે મહેસાણા જિલ્લાના કડી ખાતેથી કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

(2) 16-17 જૂન 2019 દરમિયાન ગુજરાતમાં ગુજરાતના તમામ તાલુકામાં તાલુકાદીઠ 1 કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

(3) વર્ષ 2022 સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું ભારત સરકારનું લક્ષ્ય છે.

❖ **અરબી સમુદ્રમાં સર્જાયેલા 'વાયુ' વાવાઝોડાની અસરને ધ્યાનમાં રાખતાં સુરત જીલ્લા કલેકટર દ્વારા હેલ્પ લાઈન નંબર 1077 જાહેર કરાયો.**

→ અરબી સમુદ્રમાં સર્જાયેલા 'વાયુ' વાવાઝોડની અસર સુરતે સ્પર્શતા ડુમસ, હજીરા, ઓલપાડના દરિયા કાંઠા વિસ્તારમાં ગામોમાં જોવા મળશે. જે સંભવત ઝડપ 40 થી 50 કિલોમીટર રહે તેમ હોવાની શકયતા વ્યકત કરવામાં આવી હતી.

→ આ સ્થિતિ ધ્યાનમાં રાખતા સુરત જીલ્લા કલેકટર ધવલ પટેલ દ્વારા 1077 નંબરનો હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો હતો.

## આંતરરાષ્ટ્રીય

- **પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને માલદિવ્સની મુલાકાત દરમિયાન રાજધાની માલી ખાતે "Order of the Distinguished Rule of Nishan Izzudden" (માલ દિવ્સના સર્વોચ્ચ સન્માન) થી નવાજવામાં આવ્યા....**
  - ⇒ રાજધાની : માલી ⇒ ચલણ : માલદિવીયન રૂપિયા ⇒ રાષ્ટ્રપતિ : ઈબ્રાહીમ મોહમ્મદ સોલીહ
- **ભારત દ્વારા માલદિવ્સના 1000 નાગરિક સેવકોને આગામી 5 વર્ષ માટે તાલિમ આપવામાં આવશે.**
  - → આ તાલિમ માટે ભારતનાં અગત્યનાં નાગરિક સેવા તાલિમ સંસ્થાન 'National Center For Good Governance' અને 'Maldives Civil Services Commission' મધ્યે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
  - → આ તાલિમ પાછળનો તમામ ખર્ચ ભારત સરકારનાં વિદેશ મંત્રાલય દ્વારા વહન કરવામાં આવશે.
- **તાજેતરમાં "રેલ્વે સ્ટેશન ડેવલપમેન્ટ પ્રોગ્રામ" ને ટેકો આપવા માટે Indian Railway Station Development Corporation અને French National Railways (SNCF) અને ફ્રાંસની વિકાસ સંસ્થા AFD વચ્ચે ત્રિપક્ષીય કરાર કરવામાં આવ્યા છે.**
  - → આ કરાર હેઠળ AFD દ્વારા 7,00,000 યુરોની ગ્રાંટ ફ્રેંચ રેલ્વેસ કંપની SNCF ને આપવામાં આવશે જે ભારતને ટેકનીકલ સહાય આપી IRSDC ના કાર્યક્રમને આગળ વધારાશે.
- **ભારત દ્વારા નેપાળમાં ભૂકંપથી સૌથી વધારે પ્રભાવિત થયેલા બે જીલ્લાઓને પુનઃનિર્માણ માટે 1.6 બિલિયન નેપાળી રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે.**
  - → આ સહાય દ્વારા નેપાળના બે જીલ્લાઓ નુવાકોટ અને ગોરખામાં **5000** આવાસનું નિર્માણ કરવામાં આવશે.
  - → આ ભગીરથ કાર્ય માટે ભારત સરકારે UNDP તથા UNOPS (યુનાઈટેડ નેશન્સ ઓફિસ ફોર પ્રોજેક્ટ સર્વિસીસ) સાથે નેપાળ સરકારને સહયોગ કરવા માટે કરાર કર્યો છે.
- **13-14 જૂન 2019 દરમિયાન કિર્ગીસ્તાનની રાજધાની બિશ્કેકમાં 19મા શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશનની સમિટનું આયોજન થયું હતું.**
  - → આ સમિટમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટેરરિઝમ ફ્રી સોસાયટી અને ન્યૂ વર્લ્ડનો નારો આપ્યો હતો. આ ઉપરાંત તેમણે SCO ના તમામ સભ્ય દેશોના લોકોને ભારત ઈ–વિઝાની સુવિધા આપશે એવી જાહેરાત કરી હતી.
  - **શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (શાંઘાઈ સહયોગ સંગઠન)ને ટૂંકમાં SCO તરીકે પણ ઓળખવામાં આવે છે.**
    - → 26 એપ્રિલ, 1996ના રોજ ચીનના શાંઘાઈમાં થયેલી એક બેઠકમાં ચીન, રશિયા, કઝાખસ્તાન, કિર્ગિસ્તાન અને તાજિકિસ્તાન એમ કુલ પાંચ દેશોએ એક બીજાના વંશીય અને ધાર્મિક તનાવોને દૂર કરવા માટે એક સંગઠનની રચના કરી.
    - → આ સંગઠન 'શાંઘાઈ ફાઈવ' તરીકે ઓળખાયું.
    - → ત્યારબાદ 15 જૂન, 2001 ના રોજ 'શાંઘાઈ ફાઈવ' દેશો ઉપરાંત ઉઝબેકિસ્તાન દ્વારા 'શાંઘાઈ કો–ઓપરેશન' ની રચના કરવામાં આવી હતી.
    - → આ માટે 'શાંઘાઈ કો–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન ચાર્ટર' પર જૂન 2002 માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને આ ચાર્ટર 19 સપ્ટેમ્બર, 2003 થી લાગુ થયું હતું. આમ, કુલ છ દેશો દ્વારા આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી અને ભારત તેનું ઓબ્ઝર્વર કન્ટ્રી હતું.
    - → જો કે ત્યારબાદ 9 જૂન, 2017 ના રોજ કઝાખસ્તાનના અસ્તાના ખાતે મળેલી SCO ની 17મી સમિટમાં ભારત આ સંગઠનના સાતમા અને પાકિસ્તાન આ સંગઠનના આઠમા સભ્ય તરીકે સામેલ થયા હતા.
    - → આમ, જૂન 2017 સુધીમાં SCO માં કુલ 8 સભ્ય દેશો છે. વિસ્તાર અને વસ્તીની દૃષ્ટિએ આ વિશ્વનું સૌથી મોટું સંગઠન છે.
    - → તેનું વડુ મથક ચીનના બેઈજિંગ ખાતે આવેલું છે.
- તાજેતરમાં 14 જૂનનાં રોજ 19 મી SCO ની કિર્ગીસ્તાનની રાજધાની બિશ્કેક ખાતેની શિખર બેઠક દરમિયાન **ચીનના રાષ્ટ્રપતિ શી જીનપિંગની** બે દિવસીય મૂલાકાત દરમિયાન તેમને કિર્ગીસ્તાનનાા રાષ્ટ્રપતિ સોરોનબે જીન્બેકોવ દ્વારા કિર્ગીસ્તાનના સર્વોચ્ચ સન્માન "Manas Order Of The First Degree થી સન્માનિત કરવામાં આવ્યા.
- **તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે Generallized System Of Preferences (GSP)માંથી ભારતને બહાર કરવાનો નિર્ણય કર્યો છે.**
  - **અમેરિકામાં 1 જાન્યુઆરી, 1976 ના રોજ જનરલાઈઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સીઝનો પ્રારંભ થયો હતો.**
  - → GSP એ એક ટ્રેડ પ્રોગ્રામ છે.
  - → વિશ્વના વિકાસશીલ દેશોના આર્થિક વિકાસમાં વૃદ્ધિ થાય તે હેતુથી ટ્રેડ એક્ટ 1974 અંતર્ગત આ પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી.
  - → આ પ્રોગ્રામ અંતર્ગત 129 દેશોનો સમાવેશ થયો હતો.
  - → આ 129 દેશોની દેશોની અમેરિકામાં થતી નિકાસ પર અમેરિકા કોઈ જ ટેક્સ વસુલતું ન હતું આથી આ બધી પ્રોડક્ટની ઝીરો ટકા કસ્ટમ ડ્યુટીથી અમેરિકામાં નિકાસ થતી હતી. GSP ની યાદીમાં ભારતનો પણ સમાવેશ થયો હતો.

❖ **તાજેતરમાં કંબોડિયાના સિએમ રિપ પ્રાંત ખાતે 16 મી એશિયા મિડિયા સમીટનું આયોજન કરવામાં આવ્યું. (2018 માં તેનું આયોજન ભારતમાં થયું હતું.)**

→ આ સમીટની થીમ "Media Digitalization Focusing on Developing Markets" હતી.
→ તેનું આયોજન Asia Pacific Institute for Broadcasing Development દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં 42 જેટલાં દેશોએ ભાગ લીધો હતો.
→ આ વર્ષની બેઠકમાં 'ફેક ન્યુઝ, ખોટી માહિતીનાં ફેલાવવાથી સરકાર, મીડિયા તથા સમાજ અને ખાનગી ક્ષેત્રોને તેનાથી થતી અસરો વિશે ચર્ચા કરાઈ હતી.
→ APIBD - સ્થાપના : 1964 મુખ્યાલય : કુઆલાલુંપુર, મલેશિયા

❖ **શ્રીલંકાના કોલંબો બંદર પર 'ઈસ્ટ કન્ટેનર' ના નિર્માણ માટે તાજેતરમાં ભારત અને જાપાને સંયુકત રીતે શ્રીલંકા સાથે ત્રિપક્ષીય સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે.**

→ આ માટે જાપાન 40 વર્ષની મુદ્દત માટે 0.1 ટકાના વ્યાજથી સોફ્ટ લોન ઉપલબ્ધ કરાવશે.
→ આ સમજૂતી અંતર્ગત 'ઈસ્ટ કન્ટેનર ટર્મિનલ' ની 100 ટકા માલિકી શ્રીલંકા પોર્ટ્સ ઓથોરિટી (SLPA) ની રહેશે.
→ જો કે, આ ટર્મિનલની કામગીરી માટે 'ટર્મિનલ ઓપરેશનન્સ' નામથી એક નવી કંપનીની રચના કરવામાં આવી છે.
→ આ નવી કંપનીમાં એટલે કે ટર્મિનલની કામગીરીમાં હિસ્સો 51% રહેશે. જ્યારે બાકીનો 49% હિસ્સો ભારત અને જાપાન પાસે રહેશે.
→ વર્ષ 2017 માં શ્રીલંકાએ તેનું હંબનટોટા બંદર ચીનને 99 વર્ષ માટે ભાડા પટ્ટે આપી દીધું હતું.

❖ **તાજેતરમાં 6 થી 8 જૂન, 2019 ના રોજ આર્જેન્ટિનાની રાજધાની બ્યુનોસ એરિસ ખાતે બીજી (2nd) Global Disability Summit નું આયોજન કરાયું હતું.**

→ તેમાં ભારત તરફથી સામાજીક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના કેબિનેટ મંત્રી થાવરચંદ ગેહલોતે ભાગ લીધો હતો.
→ આ બેઠક દરમિયાન ભારતે દિવ્યાંગ લોકોના સશિકતકરણ માટે આર્જેન્ટિના સાથે MOU કર્યો હતા.
→ પ્રથમ Global Disability Summit નું આયોજન 2018 માં લંડન (UK) ખાતે યુ.કે.સરકાર તથા International Disability Alliance અને કેન્યા દ્વારા કરાયું હતું.

- **International disability Alliance**
  → સ્થાપના : 1999 → મુખ્યાલય : જીનીવા અને ન્યુયોર્ક

❖ **થાઈલેન્ડના નવા વડાપ્રધાન :** પ્રયુથ ચાન–ઓચા → **થાઈલેન્ડના રાજા :** મહા વાજીરાલોંગકોંને
→ **રાજધાની :** બેંગકોક → **ચલણ :** થાઈ બાહત્ (Thai Baht)

❖ **રશિયાએ પ્રથમ આર્કટિક ટ્રેન સેવાની શરૂઆત કરી......**

→ આ ટ્રેન સુવિધા સેંટ પિટ્સબર્ગ સ્ટેશનથી નોર્વે સુધીની પહોંચ બનાવશે.
→ આ ટ્રીપમાં આ અંતર કાપવા માટે 11 દિવસનો સમયગાળો લાગશે અને 91 મુસાફરોનું વહન કરી શકશે.
→ આ ટ્રેનનું નામ ઝારેનગોલ્ડ (Zarengold) છે.

❖ **રશિયાના ભૂતપૂર્વ શાહી રાજધાની સેંટ પિટ્સબર્ગ ખાતે "St Petersburg International Economic Forum - 2019"** (SPIEF – 2019)**નું આયોજન કરવામાં આવ્યું હતું....**

→ થીમ : Creating a sustainable Development Agenda
→ SPIEF ની પ્રથમ બેઠકનું આયોજન 1977માં થયું હતું. 2006નાં વર્ષથી તેનું આયોજન રશિયાના રાષ્ટ્રપતિ વ્હાલ્દીમીર પુતીનનાં સહકાર અને ભાગીદારી હેઠળ કરવામાં આવે છે. SPIEF – 2018 ની બેઠકમાં 140 દેશોનાં 17,000 ભાગીદારોએ ભાગ લીધો હતો.

❖ **આફ્રિકન યુનિયનની તાજેતરમાં એડિસ અબાબા (ઈથોપિયાની રાજધાની) ખાતે થયેલી બેઠકમાં સુદાનને પોતાના દેશમાં થયેલા લોહિયાળ દેખાવો અને હિંસાઓ અટકાવવા તથા જયાં સુધી દેશમાં લોકશાહી ઢબે સરકારની રચના ન થાય ત્યાં સુધી આફ્રિકન યુનિયનમાંથી બેદખલ કરવામાં આવ્યું...**

→ ડિસેમ્બર 2018 માં સુદાન ખાતે ભાવોમાં થયેલા વધારો તથા જીવન જરૂરીયાતની વસ્તુઓનાં અભાવે 3 દાયકાથી શાસન ચલાવતાં રાષ્ટ્રપતિ ઓમર–અલ–બશીર (7 માં રાષ્ટ્રપતિ) વિરુદ્ધ દેખાવો અને તોફાનો થયા. જેના પરિણામે સુદાનમાં સૈન્ય દ્વારા તેમને પદ પરથી ઉતારી શાસન હસ્તગત કર્યું. પરંતુ સૈન્ય શાસન ફરીથી લોકશાહી ઢબે સત્તાનું હસ્તાંતરણ ન કરી શકતાં ફરીથી હિંસક દેખાવો થયાં જેમાં સુદાનની રાજધાની ખાર્તુમ ખાતે ઘણાં લોકોનું મૃત્યુ થયું.

**આફ્રિકન યુનિયન (AU)**

⇒ સ્થાપના – 2002 ⇒ મુખ્યાલય : એડિસ અબાબા (ઈથોપિયા) ⇒ સ્થાપના : ડર્બન, સાઉથ આફ્રિકા
⇒ સભ્ય – 55 ⇒ પ્રમુખ : અબ્દેલ ફત્તહ અલ–સીસી

❖ **શ્રીલંકાના રાષ્ટ્રપતિ મૈત્રીપાત્રા સીરીસેના દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભગવાન બુદ્ધની સમાધી મૂર્તિ (ધ્યાનની મુદ્રામાં બેસેલા ભગવાન બુદ્ધ) આપવામાં આવી....**

→ આ મૂર્તિને સફેદ સાગના લાકડામાંથી બનાવવામાં આવી છે તથા તેને પૂર્ણ થવા માટે લગભગ બે વર્ષ લાગ્યાં છે.
→ આ શિલ્પને અનુરાધપુરા યુગ (377 BC થી 1017 AD) ની શ્રેષ્ઠ શિલ્પોમાંથી એક ગણવામાં આવે છે, જે પ્રાચીન શ્રીલંકામાં પ્રથમ સ્થપાયેલ સામ્રાજ્ય છે. આ શિલ્પનાં વાસ્તવિક શિલ્પને 4 થી 7 મી સદી દરમિયાન બનાવવામાં આવેલ છે.
→ આ ઉપરાંત વડાપ્રધાન કાર્યાલય દ્વારા આ ભેટને "Special gift from special friend" તરીકે ઓળખાવી હતી.

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (HO) 7046633255 | વરાછા 7046416555 | અમદાવાદ 7046055566 | વ્યારા 9099864658 | નવસારી 7046641555 | ભરૂચ 7096237555 | વલસાડ 8140137555 | વાપી 7575003664



❖ **UAE કેબિનેટ દ્વારા "National Strategy for Wellbeing 2031" અપનાવવામાં આવી......**
→ આ માટેની બેઠકનું આયોજન UAEની રાજધાની અબુધાબી ખાતેનાં રાજભવન ખાતે કરવામાં આવ્યું હતું.
→ આ પહેલનો મુખ્ય હેતુ UAEને દુનિયા માટે જીવન જીવવાની ગુણવત્તા માટેનું લીડર બનાવવાનું હતું.
→ આ બેઠકના અધ્યક્ષ દુબઈના શાષક, વડાપ્રધાન અને ઉપરાષ્ટ્રપતિ "શેખ મહમ્મદ બીન રાશીદ–અલ–મકતુમ હતા.

❖ તાજેતરમાં **ઓસ્ટ્રેલિયાના વિકટોરિયા નામના રાજ્યમાં ઈચ્છા મૃત્યુ**ને કાયદેસરની મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ વિકટોરિયા ઈચ્છા મૃત્યુને કાયદેસરની મંજૂરી આપનારું ઓસ્ટ્રેલિયાનું પ્રથમ રાજ્ય બની ગયું છે.

❖ **તાજેતરમાં પશ્ચિમ ઈન્ડોનેશિયા ખાતે સુમાત્રા ટાપુઓમાં આવેલ માઉન્ટ સીનાબુંગ જ્વાળામુખી સક્રિય થયો હતો અને તેનાં પરીણામે અવકાશમાં રાખનાં વાદળો તથા જમીન પર લાવાનો પથરાવ થયો હતો....**
→ ઈન્ડોનેશિયા "પેસિફિક રીંગ ઓફ ફાયરમાં" આવેલો હોવાથી 130 જેટલા સક્રિય જ્વાળામુખીઓનું ઘર છે.

❖ **ચીન દ્વારા પ્રથમ વાર સ્પેશ રોકેટને ચલો સમુદ્ર ખાતેથી લોંચ કરવામાં આવ્યું......**
→ ચાઈના દ્વારા પ્રથમ વાર શેનડોંગ પ્રાંત ના પીળા સમુદ્રમાંથી મોબાઈલ લોન્ચ પ્લેટફોર્મ દ્વારા "લોંગ માર્ચ 11" નામનાં સ્પેસ રોકેટને લોંચ કરવામાં આવ્યું.

❖ **હોંગકોંગમાં નવા પ્રત્યાર્પણ કાયદા વિરુદ્ધ ઉગ્ર પ્રદર્શન યોજાયું.**
→ પ્રત્યાર્પણ બિલમાં સુધારાથી હોંગકોંગ આરોપીઓને પોતાના મુખ્ય દેશ ચીનમાં મોકલી શકશે જ્યાં તેમના પર આરોપી દાખલ કરી સુનાવણી કરાશે. આ બિલની ચારેય તરફથી ટીકા થઈ રહી છે કે બચાવકર્તાને ચીનમાં તેવા હકો નહી મળશે જેવા તેને હોંગકોંગમાં મળે છે.
→ હોંગકોંગની સંસદમાં લવાયેલા નવા પ્રત્યર્પણ ખરડાના વિરોધમાં હજારો હોંગકોંગવાસીઓ સડકો પર ઉતરીને સરકાર તથા ચીન વિરોધી દેખાવો કર્યા હતા.
- **હોંગકોંગ દેશ વિશે :**
  ⇒ દુનિયાનું સૌથી મોટું ઈકોનોમિક અને બિઝનેસ હબ ગણાતું તથા આલ્ફા પલ્સ શહેરોમાં સ્થાન ધરાવતું હોંગકોંગ 1997 સુધી બ્રિટનનું ગુલામ હતું. ત્યારે સ્વાયત્તતાની શરતને આધિન રહીને બ્રિટને હોંગકોંગનો હવાલો ચીનને સોંપ્યો હતો. હોંગકોંગના રહેવાસીઓ ચીન હોંગકોંગને અલગ માને છે. તેમના મતે આ ખરડાને કારણે અહીયા રાજકીય વિરોધીઓને આર્થિક અપરાધો કે પછી રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમી ગણીને આડેધડ સજા કરવામાં આવશે.

❖ **તાજેતરમાં બાંગ્લાદેશ અને દક્ષિણ કોરિયાની ચેનલ ભારતમાં દૂરદર્શનની ફ્રી ડિશ પર બતાવવા માટે સમજૂતી કરવામાં આવી છે.**
→ ભારત તથા બાંગ્લાદેશની ચેનલ એકબીજાના દેશોમાં દર્શાવવા માટે પ્રસાર ભારતી અને બાંગ્લાદેશ ટીવી (BTV) વચ્ચે એક સમજૂતી હસ્તાક્ષર થયા છે.
→ આ સમજૂતી મુજબ ભારત સરકાર દ્વારા બાંગ્લાદેશ ટીવીની ચેનલ BTV World ને દૂરદર્શનની ફ્રી ડિશ પર બતાવવામાં આવશે.
→ આથી બાંગ્લાદેશની આ ચેનલ ભારતના દર્શકો જોઈ શકશે. ખાસ કરીને પૂર્વ ભારતના દર્શકોને તેનાથી લાભ થશે.
→ આ ઉપરાંત ભારતની દૂરદર્શનની ચેનલ D.D.India બાંગ્લાદેશમાં દર્શાવવામાં આવશે.
→ આ અગાઉ બાંગ્લાદેશના જનક બંગ બંધુ શ્રી શેખ મુજીબુર રહેમાન વિશે ભારત અને બાંગ્લાદેશ દ્વારા સંયુક્ત રીતે એક ફિલ્મ બનાવવા ભારત બાંગ્લાદેશ વચ્ચે સમજૂતી થઈ હતી. આ ફિલ્મનું નિર્માણ ભારતના પ્રસિદ્ધ ફિલ્મ દિગ્દર્શક/નિર્માતા શ્રી શ્યામ બેનેગલ દ્વારા કરવામાં આવશે.
→ દક્ષિણ કોરિયા સરકારની અંગ્રેજી ભાષાની 24 X 7 ચેનલ KBS World ને પણ દૂરદર્શનની ફ્રી ડિશ પર ભારતમાં દર્શાવવાના પ્રસાર ભારતીના પ્રસ્તાવને ભારત સરકારે મંજૂરી આપી દીધી છે.

## અર્થતંત્ર

❖ **ઓસ્ટ્રેલિયા સ્થિત ઈન્સ્ટિટ્યુટ ફોર ઈકોનોમિકસ એન્ડ પીસ (IEP) દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા ગ્લોબલ પીસ ઈન્ડેક્ષ 2019 માં કુલ 163 દેશોમાં ભારત 141માં ક્રમે છે.**
→ આ યાદીમાં આઈસલેન્ડ પ્રથમ ક્રમે છે. જે વર્ષ 2008 થી આ ઈન્ડેક્ષમાં પ્રથમ ક્રમે છે.
→ આ ઈન્ડેક્ષમાં આઈસલેન્ડ બાદ ન્યુઝીલેન્ડ બીજા અને પોર્ટુગલ ત્રીજા ક્રમે છે.
→ જ્યારે અફઘાનિસ્તાન અંતિમ 163 માં ક્રમે છે. આ ઈન્ડેક્ષમાં દક્ષિણ એશિયામાં સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન ભૂટાનનું છે.
- **Global Peace Index** ત્રણ બાબતોના આધારે આપવામાં આવે છે.

(1) level of Societal Safety and Security
(2) Extent of ongoing domestic and International Conflict.
(3) Degree of Militarization

❖ **તાજેતરમાં ભારત સરકારના સ્ટેટિસ્ટિકસ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન મંત્રાલય દ્વારા Periodic Labour Force Survey (PLFS) પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.**
→ આ રિપોર્ટ અનુસાર 2017-18 માં ભારતમાં બેરોજગારીનો દર 6.1 ટકા હતો.
→ જે ભારતમાં છેલ્લા 45-46 વર્ષમાં સૌથી વધુ છે. આ અગાઉ ભારતમાં 1972-73 માં બેરોજગારીનો દર 6.1 ટકા હતો.
→ આ રિપોર્ટ અનુસાર ભારતમાં ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારી દર 5.3 ટકા છે. જ્યારે શહેરી વિસ્તારોમાં તે 7.8 ટકા છે.

❖ **તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા કિડ્સ રાઈટ ઈન્ડક્ષ 2019 માં કુલ 180 દેશોમાં ભારત 117 માં ક્રમે છે.**
→ આ યાદીમાં આઈસલેન્ડ પ્રથમ ક્રમે છે.
→ આઈસલેન્ડ બાદ પોર્ટુગલ બીજા અને સ્વિટ્ઝર્લેન્ડ ત્રીજા ક્રમે છે.
→ જ્યારે સીએરા લીઓન (Sierral Leone) આ યદીમાં અંતિમ 180 માં ક્રમે છે.
→ કિડ્સ રાઈટ ફાઉન્ડેશન (એમ્સ્ટર્ડન, નેધરલેન્ડ) અને ઈરેસ્મસ સ્કૂલ ઓફ ઈકોનોમિકસ (રોટરડેમ, નેધરલેન્ડ) દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે.
→ આ રિપોર્ટમાં વિશ્વના વિવિધ દેશામાં બાળકોના અધિકારોની સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

❖ **International Institute for Management Development (IMD) (લૌસાને, સ્વિટ્ઝરલેન્ડ)ના World competitiveness Centre દ્વારા તાજેતરમાં IMD World Competitiveness Ranking 2019 પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.**

→ આ રેન્કિંગમાં કુલ 63 દેશોમાં ભારત 43 માં ક્રમે છે.

→ વર્ષ 2019 માં પ્રસિદ્ધ થયેલા આ રેન્કિંગમાં સિંગાપોર પ્રથમ ક્રમે છે. જ્યારે આ રેન્કિંગમાં વેનેઝુએલા અંતિમ 63 માં ક્રમે છે.

- **આ રેન્કીંગ ચાર બાબતોના આધારે આપવામાં આવે છે.**
  → (1) આર્થિક પ્રદર્શન, (2) સરકારની કાર્યક્ષમતા, (3) વ્યાપારની કાર્યક્ષમતા, (4) ઈન્ફ્રાસ્ટ્રકચર

❖ **તાજેતરમાં 8-9 જૂન, 2019 ના રોજ જાપાનના ફુક ઓકા ખાતે આયોજીત G-20 ની નાણામંત્રીઓ અને કેન્દ્રીય બેંકોની બેન્કમાં ભારત તરફથી નિર્મલા સીતારામન ઉપસ્થિત રહ્યા હતા.**

→ આ બેઠકનું આયોજન G-20 દેશોની વ્યાપાર અને ડિજીટલ ઈકોનોમીની બેઠકની સાથે થયું હતું.

→ આ બેઠકમાં ભારતનાં પ્રતિનિધિ નિર્મલા સીતારામન દ્વારા ડિજીટલ ઈકોનોમી દ્વારા ડિજીટલ ઈકોનોમી દ્વારા આંતરરાષ્ટ્રીય ધોરણે કરના નફાની વહેંચણી વિશે ચર્ચા કરી હતી. આ ઉપરાંત કર ચોરી અટકાવવા માટે આંતરરાષ્ટ્રીય અને વૈશ્વિક ધોરણે ભારતે "Automatic Exchange of Finanacial Account Information નું સમર્થન કર્યુ હતું.

→ આ ઉપરાંત જાપાનના ઓસાકા ખાતે G-20 દેશોનાં વડાઓનું શીખર સંમેલન પણ આયોજીત થવાનું છે.

- **વ્યાપાર અને ડિજીટલ અર્થતંત્ર પર G – 20 ની મંત્રી સ્તરીય બેઠકનું આયોજન તાજેતરમાં જાપાનમાં ત્સુકુબા (Tsukuba) શહેરમાં થયું હતું.....**
  → આ ઉપરાંત આ વર્ષે G – 20 નાં શિખર સંમેલનનું આયોજન પણ 28 – 29 જૂન, 2019 દરમિયાન જાપાનમાં ઓસાકા ખાતે થશે.
  → આ બેઠકમાં 50 જેટલા ડિજીટલ ઈકોનોમી અને વ્યાપાર મંત્રીઓ પ્રથમ વાર એકઠા થયા હતા.
  → આ બેઠકમાં ડિજિટલાઈઝેશનનું મહત્વ વિશેની ચર્ચા કરવામાં આવી હતી ઉપરાંત તેનાથી અર્થતંત્ર તથા સમાજને થતા ફાયદાઓ સમજાવી "Society 5.0"ની લક્ષ્યાંકને મેળવવા માટે તત્પરતા દર્શાવવામાં આવી હતી.

- **G-20 વિશે :**
  → G-20 ની રચના દક્ષિણપૂર્વ એશિયાની (ટાઈગર ઈકોનોમી)ની આર્થિક સંકટનો નિવારણના ભાગરૂપે 26 સપ્ટેમ્બર 1999 માં થઈ હતી.
  → જેમાં G-20 દેશોનાં નાણામંત્રીઓ અને કેન્દ્રીય બેંકોના ગર્વનરોનો સમાવેશ કરાયો હતો.
  → ત્યારબાદ 2008 માં G-20 નાં વડાઓની પ્રથમ બેઠક શિખર સંમેલન અમેરિકાનાં વોશિંગ્ટન D.C. ખાતે ભરાઈ હતી.
  → G-20 દેશોમાં કોઈ બંધનકર્તા પ્રતિબદ્ધતા નથી છતાં તે બહુપક્ષીય વ્યાપાર માટે કાર્યસૂચિ નક્કી કરે છે.

❖ **World Investment Report 2019 : UNCTAD**

→ આ રિપોર્ટ અનુસાર ભારતમાં 2018 ના વર્ષમાં FDI દ્વારા થતાં રોકાણમાં 6% નો વધારો જોવા મળ્યો અને 2017-18 ના વર્ષનાં સૌથી વધારે FDI ધરાવતાં 20 દેશોમાં પણ ભારતનો સમાવેશ થયા છે.

→ દક્ષિણ એશિયાનાં દેશમાં FDI માં 3.5% નો વધારો જોવા મળ્યો હતો. વર્ષ 2018માં દક્ષિણ એશિયામાં થયેલા ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટમાં ભારતનો હિસ્સો 77 ટકાથી વધુ છે. આ રિપોર્ટ અનુસાર વર્ષ 2018 માં સૌથી વધુ સીધા વિદેશી રોકાણની બાબતમાં ભારત 10 મા ક્રમે છે.

→ આ ઉપરાંત શ્રીલંકા અને બાંગ્લાદેશમાં પણ FDI દ્વારા રોકાણમાં વધારો જોવા મળ્યો હતો. પાકિસ્તાનનાં FDI દ્વારા થતાં રોકાણમાં 27%નો ઘટાડો થયો હતો.

→ જોકે, આ અગાઉ વર્ષ 2018માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં વર્ષ 2017માં સૌથી વધુ સીધા વિદેશી રોકાણની બાબતમાં ભારત 9મા ક્રમે હતું.

→ વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં અમેરિકા પ્રથમ, ચીન બીજા અને હોંગકોંગ ત્રીજા ક્રમે છે.

- **UNCTAD United Nation Coference on Trade and Development**
  → સ્થાપના : 1964 → સભ્યો : 195
  → મુખ્યાલય : જીનીવા → પૈતૃક સંગઠન : UNGA

❖ **સ્થાનિક અને વૈશ્વિક સંગઠનોની મદદથી તૈયાર થયેલા "Equal Measures 2030" ના પ્રથમ S.G.જેન્ડર ઈન્ડેક્ષ રજૂ કરવામાં આવ્યા.**

→ આ જેન્ડર ઈન્ડેક્ષમાં 0-100 સુધીનો સ્કોર તમામ દેશોને જે તે દેશમાં જાતિગત સમાનતાના આધારે આપવામાં આવ્યો હતો.

→ આ ઈન્ડેક્ષમાં 129 દેશોમાં ભારતનો ક્રમાંક 95 મો હતો અને ભારતનો સ્કોર 56.2 હતો એટલે કે ભારત 43 જેટલા દેશોની "Very Poor" કેટેગરી ધરાવતા દેશમાં આવ્યો હતો.

→ સરેરાશ વૈશ્વિક સ્કોર : 65.7/100

→ પ્રથમ ક્રમાંક =ડેન્માર્ક, અંતિમ ક્રમાંક : સિએરા લિયોન

→ સરેરાશ સ્કોર દર્શાવે છે કે અંદાજીત વિશ્વની 40% મહિલાઓ અને છોકરીઓ જાતિગત અસમતાનો ભોગ બને છે.

❖ **નાણાંકીય સાક્ષરતા સપ્તાહ 2019 :**

→ ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા 3 જૂનથી 7 જૂન સુધી નાણાંકીય સાક્ષરતા સપ્તાહ 2019 નું આયોજન કરવામાં આવ્યું. આ સપ્તાહનું આયોજન ખેડુતોને નાણાંકીય સાક્ષરતા આપવા અને અલગ અલગ નાણાંકીય બાબતો વિશે જાણકારી આપવાના હેતુથી કરવામાં આવ્યું છે.

→ નાણાંકીય સાક્ષરતા સપ્તાહ દરમિયાન રિઝર્વ બેન્ક દ્વારા દેશની તમામ બેન્કો તેમજ દુરદર્શન અને ઓલ ઈન્ડીયા રેડિયો પર નાણાંકીય સાક્ષરતા વિષે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

❖ **પોર્ટ અને એરપોર્ટ બાદ અદાણી ગૃપ રેલવે સ્ટેશન ડેવલપમેન્ટમાં કામ કરવાની તૈયારી :**

→ દિલ્હી રેલવે સ્ટેશનના આધુનિકરણ માટે ભારતીય રેલ્વે સાથે અદાણી ગ્રુપની વાતચીત મળી રહી છે. જેમાં ટ્રેક, સલામતી સાધનો અને અદ્યતન પ્લેટફોર્મો અને સવલતોને અદ્યતન બનાવવા સહિતની બાબતો સામેલ છે.

→ દિલ્હીના રેલવે સ્ટેશનોને ડેવલોપ કરીને અને મહારાષ્ટ્રમાં અન્ય એક પ્રોજેકટ હાથ ધરી શરૂઆત કરશે.

→ આ વર્ષે ફેબ્રુઆરીમાં અદાણી એન્ટરપ્રાઈઝિસ ગૃપએ અમદાવાદ, જયપુર, લખનૌ, ગૌહાટી, મેંગ્લોર અને તિરુવનંતપુરમ્‌ના એરપોર્ટ ઓપરેશન, મેનેજમેન્ટ અને ડેવલપમેન્ટના કામો હાથે ધર્યા છે.

❖ **વર્લ્ડ બેન્કે વર્તમાન નાણાંકીય વર્ષ માટે ભારતના 7.5% ટકાના વૃદ્ધિ દરના અંદાજને જાળવી રાખ્યો....**

→ ગ્લોબલ ઈકોનોમિક પ્રાસ્પેકટસ રિપોર્ટમાં વર્લ્ડ બેન્કે જણાવ્યું છે કે આગામી બે નાણાંકીય વર્ષ માટે ભારતનો વૃદ્ધિ દર 7.5% ટકા જળવાઈ રહેશે.

→ રિપોર્ટમાં જણાવ્યું છે કે રિઝર્વ બેન્કના નિર્ધારિત લક્ષ્ય કરતાં ફુગાવો ઓછો રહેવાથી અને ઉદાર મોનેટરી પોલિસી દરમિયાન ખાનગી વપરાશ અને રોકાણથી ધિરાણ વૃદ્ધિને મજબુતાઈ મળશે. આ ઉપરાંત આગામી વર્ષોમાં વૈશ્વિક વૃદ્ધિ દરમાં ઘટાડો થશે પરંતુ ભારતીય અર્થતંત્ર વિશ્વમાં સૌથી ઝડપી ગતિએ વિકસતું અર્થતંત્ર બની રહેશે. રોકાણ અને અંગત વપરાશમાં વૃદ્ધિને કારણે ભારત 7.5 ટકાના દરે વિકાસ કરશે.

- **વર્લ્ડ બેન્ક :**
  → વર્લ્ડ બેન્ક એ આર્થિક વિકાસ માટે સહાયક રાષ્ટ્રને ધિરાણ, સલાહ અને સંશોધન આપવા માટે સમર્પિત એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.
  → **સ્થાપના :** જુલાઈ, 1945 → **વડુમથક :** વોશિંગ્ટન ડી.સી. → **અધ્યક્ષ :** ડેવિડ માલપાસ

❖ **કેન્દ્ર સરકારે ESI ફાળાની રકમના દરો 6.5 ટકાથી ઘટાડી 4 ટકા કર્યા.**

→ કેન્દ્ર સરકારે (ESI) કર્મચારી રાજ્ય વીમા નિગમના સ્વાસ્થ્ય વીમા કાર્યક્રમમાં કર્મચારીઓના 6.5 ટકા ના ફાળાને ઘટાડી 4 ટકા કર્યો છે. જેનાથી લગભગ 13 લાખ કર્મચારીઓને દર વર્ષે 5 હજાર કરોડની બચત થશે. તેમજ 3.6 કરોડ કર્મચારીને લાભ મળશે. શ્રમ મંત્રાલયની યાદી મુજબ ઘટાડેલ દરો આ વર્ષે 1 જુલાઈથી પ્રભાવિત થશે.

- **ESIC (EMPLOYTEE'S STATE INSTURANCE CORPORATION)**
  → ESIC એ ભારતીય કર્મચારીઓ માટે તબીબી લાભો પ્રદાન કરતી સ્વાસ્થ્ય વીમા યોજના છે. ESI નું વ્યવસ્થાપન અને સંચાલન ESIC (Employees State Insturacne Corporation) દ્વારા થાય છે. જે એક વૈધાનિક સંસ્થા છે.
  → સ્થાપના : 1952 → મુખ્યાલય : નવી દિલ્હી
  → અધિનિયમ : ESI Act, 1948 → મંત્રાલય : શ્રમ અને રોજગાર મંત્રાલય

❖ **નાણાકિય નીતિ સમીતીના અધ્યક્ષ RBIનાં ગર્વનર (શકિતકાંત દાસ) હોય છે તથા તેમાં અન્ય ત્રણ કેન્દ્ર સરકાર અને અન્ય ત્રણ સભ્યો (કુલ છ) RBIનાં હોય છે....**

→ આમ તેમાં શક્તિકાંત દાસ સહિત ચેતન ઘાટે, પામી દુઆ, રવિન્દ્ર ધોળકિયા, માઈકલ દેબબ્રત પાત્રા, વીરલ આચાર્યનો સમાવેશ થાય છે.

- **RBIની નાણાકિય નીતિ : 2010 બાદ સૌથી ઓછો રેપોદર**
  → રેપો રેટ = 5.75% → રિવર્સ રેપો રેટ = 5.5%
  → MSF અને બેંક રેટ = 6% → CRR = 4%
  → SLR = 19%
  → આ ઉપરાંત નાણાકિય સમીતી દ્વારા ડિજિટલ ટ્રાન્ઝેકશનને પ્રોત્સાહન આપવા માટે RTGS અને NEFT પરનો કર દૂર કરવાનું નક્કી કર્યું છે.

❖ **બે નિયમનકારી સંસ્થાઓ કોર્પોરેટ બાબતોનાં મંત્રાલય અને SEBI વચ્ચે ડેટા એકસચેન્જ અને નિયમનકારી દેખરેખને સુસજ્જ તથા મજબૂત બનાવવા માટે MoU કરવામાં આવ્યા...**

→ આ કરાર કોર્પોરેટ બાબતોનાં મંત્રાલયના સંયુકત સચિવ કે.વી.આર મૂર્તી તથા SEBIનાં પૂર્ણકાલીન સદસ્ય શ્રીમતી માધાબી પુરી બૂચ દ્વારા હસ્તાક્ષરીત કરવામાં આવ્યા છે.

→ આ કરાર હેઠળ બંને સંસ્થાઓ એકબીજાને સ્ક્રુટીની, ઈન્વેસ્ટીગેશન, ઈન્સ્પેકશન તથા પ્રોસિકયુશન માટે માહિતીની આપલે કરશે.

→ આ કરાર હેઠળ સસ્પેન્ડ અથવા ડિલિસ્ટેડ થયેલી કંપનીઓ, નાણાકિય નિવેદનો તથા કંપનીની શેરહોલ્ડીંગની પેટર્ન તથા શેરની વહેંચણી તથા ઓડિટ રીપોર્ટ જેવી માહિતીની આપ–લે કરવામાં આવશે.

→ બન્ને સંસ્થાઓ દ્વારા સાથે મળીને Data Exchange Steering Group ની રચના કરવામાં આવશે.

- **SEBI (Securities and Exchange Board of India) :**
  ⇒ તે શેરબજારનું નિયમન કરતી સવોચ્ચ સંસ્થા છે.
  ⇒ તેની સ્થાપના 1988માં બિન–વૈધાનિક સંસ્થા તરીકે થઈ હતી પરંતુ 1992માં SEBI અધિનિયમ 1992 હેઠળ તેને વૈધાનિક (statutory) સંસ્થા જાહેર કરવામાં આવી છે.
  ⇒ તે અર્ધ વૈધાનિક (Quasi legistlative), અર્ધ–વહિવટી (quasi executive) અને અર્ધ ન્યાયિક (quasi – Judicial) સંસ્થા છે.

Banking Academy

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (HO) 7046633255 | વરાછા 7046416555 | અમદાવાદ 7046055566 | વ્યારા 9099864658 | નવસારી 7046641555 | ભરૂચ 7096237555 | વલસાડ 8140137555 | વાપી 7575003664



❖ **ભારતની કેટલીક અગ્રણી કંપનીઓ પૈકીની એક એવી સહારા ગ્રુપ દ્વારા આગામી સમયમાં ઓટોમોબાઈલ ક્ષેત્રમાં "Sahara Evols (સહારા ઈવોલ્સ)"ના નામે ઈલેકટ્રીક વાહનો લોન્ચ કરવાની જાહેરાત કરવામાં આવી.**

→ સહારા ગ્રુપ દ્વારા ટાયર 2 અને 3 (Tier 2 & 3) અંતર્ગતના શહેરોમાં ઈલેકટ્રોનીક વાહનોને આધારીત અત્યાધુનીક સેવાઓ સમેતનો વ્યાપાર શરૂ કરવાની યોજના બહાર પાડવામાં આવી છે.

→ આ યોજના અંતર્ગત સૌપ્રથમ ઉત્તર પ્રદેશના લખનઉથી શરૂ કરી વર્ષ 2019-20ના નાણાંકીય વર્ષના અંત સુધીમાં દેશના ટાયર 2 અને 3 (Tier 2 & 3)ના તમામ શહેરોમાં ઈલેકટ્રીક સ્કુટર, થ્રી–વ્હીલર, કાર અને મોટા કાર્ગો વાહનો દોડતા કરવાના તથા તેના માટેના ચાર્જીંગ સ્ટેશનો ઉભા કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે તથા નાણાંકીય વર્ષ 2020-21ના અંત સુધીમાં સંપુર્ણ દેશમાં આ સુવિધા શરૂ કરવાની યોજના છે.

→ સહારા દ્વારા કરવામાં આવેલ વધુ એક જાહેરાત મુજબ તેમના દ્વારા શરૂ કરવામાં આવનાર ઈલેકટ્રીક વાહનો સંપુર્ણ રીતે સુકી લીથીયમ–આયન (Lithium-ion) બેટરીથી સંચાલિત હશે તથા તેનો નિર્વહન ખર્ચ એક કીલોમીટર દીઠ 20 પૈસા રહેશે, જે હાલના પેટ્રોલ સંચાલિત વાહનોના એક કિલોમીટર દીઠ 2 રૂપીયાના ખર્ચ સામે ઘણો ઓછો છે.

→ **નોંધ :** Tier-2 - 50,000 થી 99,999 સુધીની વસ્તી ધરાવતા શહેરો.
Tier-3 - 20,000 થી 49,999 સુધીની વસ્તી ધરાવતા શહેરો.

❖ **ભારતીય એરપોર્ટ ઓથોરીટી (AAI - Airport Authority of India) દ્વારા તાજેતરમાં અમેરિકન એરોસ્પેસ કંપની બોઈંગ (Boeing) સાથે ભારતીય હવાઈ ટ્રાફિક મેનેજમેન્ટ માટેની પદ્ધતિમાં વિકાસ કરવા તથા નવી અદ્યતન સુવિધા ઉમેરવા માટેની તકનીકી સહાય માટે કરાર કરવામાં આવ્યા.**

→ યુનાઈટેડ સ્ટેટસ ટ્રેડ ડેવલોપમેન્ટ એજન્સીની ગ્રાન્ટની મદદથી આ પદ્ધતિ આગામી દોઢ વર્ષની અંદર તૈયાર થશે જે ભારત માટે આગામી 10 વર્ષ સુધી ઉપયોગી બની રહેશે.

→ બંન્ને સંસ્થાઓ દ્વારા સંયુકત રીતે તૈયાર થનાર નવી પદ્ધતિ રાષ્ટ્રીય એરસ્પેસ સીસ્ટમ (National Air Space System)ને આધુનીક બનાવવામાં મદદરૂપ થશે જેના થકી સ્થાનિક તથા વૈશ્વીક એર ટ્રાફિક મેનેજમેન્ટની કાર્યક્ષમતામાં વધારો થશે, ઉડ્ડયન સંબંધિત સંદેશા વ્યવહાર વધુ સુદ્રઢ બનશે તથા વિમાનોનું નેવિગેશન વધુ સરળ બનશે.

→ હાલની પરિસ્થિતિ અનુસાર AAI દેશના લગભગ 126 જેટલા એરપોર્ટના સુવ્યવસ્થિત સંચાલન માટે જવાબદાર છે. જેથી નવી પદ્ધતિઓનું અમલીકરણ AAI માટે ઘણુ અર્થસભર સાબીત થશે.

- **AAI વિશે :**

⇒ AAI ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય અંતર્ગત કાર્ય કરતી વૈધાનિક સંસ્થા છે જે Airport Authority of India Act 1994 અંતર્ગત સ્થાપિત છે. AAI સમગ્ર ભારતમાં ઉડ્ડયન સંબંધિત તમામ કાર્યો માટે જવાબદાર છે જેવા કે એરપોર્ટ વ્યવસ્થાપન, સંચાલન & નિયમન તથા એર ટ્રાફિક મેનેજમેન્ટ વગેરે.

⇒ **સ્થાપના** – 1995, **મુખ્યાલય** – નવી દિલ્હી, **ચેરમેન** – ગુરૂપ્રસાદ મોહાપણા.

❖ યુનાઈટેડ નેશન્સ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા **'ધ વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેકટ્સ 2019 : હાઈલાઈટ્સ'** નામના રિપોર્ટ અનુસાર વર્ષ **2027** સુધીમાં ચીનને પાછળ રાખીને ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની જશે. આ રિપોર્ટ અનુસાર વર્ષ 2050 સુધીમાં ભારતની વસતીમાં 27.3 કરોડનો વધારો થવાની સંભાવના છે. આ રિપોર્ટ અનુસાર 21 મી સદીના અંત સુધીમાં વિશ્વની વસતી વધીને 11 અબજ થવાની સંભાવના છે.

❖ **તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ક્રૂડ ઓઈલની આયાત પર ભારતની નિર્ભરતા ઓછી કરવા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી હતી.**

→ આ સમિતિના સભ્યોમાં ડો.અનિલ કાકોદકર અને શ્રી સિદ્ધાર્થ પ્રધાનનો સમાવેશ થાય છે.

→ આ સમિતિએ કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રલાયને પોતાનો રિપોર્ટ સોંપી દીધો છે.

❖ **ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા ATM નાં ચાર્જ અને ફીના સંપૂર્ણ માળખાની સમીક્ષા કરવા માટે Indian Bank's Association (IBA) ના ચીફ એક્ઝિકયુટીવ વી.જી.મેનનની અધ્યક્ષતા હેઠળ છ સભ્યોની ઉચ્ચ સ્તરીય સમીતીની રચના કરી છે.**

→ તે પોતાની પ્રથમ બેઠક બાદના બે મહિના પછી પોતાનો રિપોર્ટ RBI ને સોંપશે.

❖ **ભારતીય મધ્યસ્થ બેંકમાં રહેલા સરપ્લસ ફંડને સરકારને હસ્તાંતરિત કરવા માટે RBI નાં ભૂતપૂર્વ ગવર્નર બિમલ ઝાલનના અધ્યક્ષપણા હેઠળની સમિતિ દ્વારા પોતાના રિપોર્ટ વિશે સભ્યોની અસહમતના પરિણામે રિપોર્ટને થોડા સમય બાદ રજૂ કરાશે.**

→ ડિસેમ્બર 2018 માં ECF (Economic Capital Framework) ની સમીક્ષા માટે RBI દ્વારા વિમલ ઝાલાન સમિતિની રચના કરાઈ હતી.

❖ **RBI એ બેંકોને ATM (Automated Teller Machines) ની સુરક્ષા વધારવા માટે ATM ને દિવાલ, પિલ્લર અથવા ફ્લોર સાથે ગ્રાઉન્ટિંગ (મજબૂત જોડાણ) કરવાનો આદેશ આપ્યો.**

→ RBI દ્વારા આ પ્રક્રિયા માટે આખરી તારીખ 30 સપ્ટેમ્બર, 2019 નિર્ધારિત કરાઈ છે.

→ RBI દ્વારા 2016 માં રચાયેલી કમિટિ ઓન કરન્સી મુવમેન્ટ કે જેના અધ્યક્ષ **ડી.કે.મોહંતી** હતા તેની સલાહ–સૂચન પર આ પગલું ભરવાનું જણાવાયુ છે. આ ઉપરાંત સમિતિ સલાહ પર અન્ય કેટલીક બાબતો પર પણ RBI દ્વારા બેંકોને સલાહ અપાય છે.

→ આ ઉપરાંત ATM માં કેસની અદલા–બદલી અથવા જમા કરાવતી વખતે બેંકોને ડિજિટલ પ્રણાલી One Time Combination (OTC) વાપરવાની સલાહ અપાય છે. આ ઉપરાંત એલર્ટ અને ઝડપી પ્રતિભાવ માટે e-survellance mechanism ની સ્થાપના કરવાનું પણ સૂચન કર્યુ છે.

→ આ સલાહ સૂચનમાં એરપોર્ટ પરના ATM તથા યોગ્ય સુરક્ષા (CCTV) આવરણ ધરાવતા કે જેની નિગરાની રાજ્ય અથવા કેન્દ્ર સરકારની સંસ્થાઓ દ્વારા કરાય છે. તેને આ પ્રક્રિયામાંથી છૂટ અપાઈ છે.

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

❖ **શહેરમાં ગંદકી ફેલાવતા લોકો પર નજર રાખવા માટે સમગ્ર દેશમાં સૌપ્રથમ વખત અમદાવાદમાં Joint Enforcement Team (JET) નો નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે.**

→ આ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અમદાવાદ શહેર પોલીસ દ્વારા સંયુક્ત રીતે JET ટીમો બનાવવામાં આવી છે.

→ આ ટીમ શહેરના 48 વોર્ડમાં ઈ–રીક્ષામાં ફરીને શહેરમાં કાયમી ધોરણે સ્વચ્છતાની ચકાસણી અને તેની વ્યવસ્થા કરશે.

→ આવી એક ટીમમાં પાંચ સભ્યો હશે. શહેરના 48 વોર્ડ માટે વોર્ડ દીઠ એક–એક ટીમ બનાવવામાં આવી છે.

→ આ ટીમ દ્વારા શહેરમાં જાહેરમાં થૂંકનાર, ગંદકી ફેલાવનાર, કચરો ફેંકનાર, દિવાલો પર પોસ્ટર લગાવનાર, આડેધડ પાર્કિંગ કરનાર, હંગામી દબાણ કરનાર વગેરે સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે.

→ 5 જૂન, 2019 ને વિશ્વ પર્યાવરણ દિનના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ JET ટીમની ઈ–રીક્ષાનો લીલી ઝંડી બતાવીને પ્રારંભ કરાવ્યો હતો.

❖ **5 જૂન : વિશ્વ પર્યાવરણ દિન (Word Environment Day-Wed)**

- **પર્યાવરણના સંરક્ષણ અને સુરક્ષા માટે દર વર્ષે 5 જૂનના રોજ સમગ્ર વિશ્વમાં 'વિશ્વ પર્યાવરણ દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે. તેને Eco Day અથવા તો WED તરીકે પણ ઓળખવામાં આવે છે.**

→ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સૌપ્રથમ 1972 માં સ્ટોકહોમ કોન્ફરન્સમાં 'વિશ્વ પર્યાવરણ દિવસ' ની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.

→ આ અંતર્ગત 5 જૂન, 1974ના રોજ પ્રથમ 'વિશ્વ પર્યાવરણ દિન' ની ઉજવણી કરવામાં આવી હતી.

→ 1974 માં યોજાયેલા આ પ્રથમ 'વિશ્વ પર્યાવરણ દિવસ' ની થીમ 'Only One Earth' (એટલે કે 'ફક્ત એક જ પૃથ્વી') હતી.

→ આ અંતર્ગત વર્ષ 2018 માં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનો યજમાન દેશ ભારત હતો.

→ વર્ષ 2018 નાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની થીમ 'Beat Plastic Pollution' (એટલે કે 'પ્લાસ્ટિક પ્રદૂષણને નાથો') હતી.

→ જ્યારે વર્ષ 2019 માં 46 માં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનો યજમાન દેશ ચીન છે.

→ આથી, 5 જૂન, 2019 ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી માટેનો વિશ્વ કક્ષાનો સમારોહ ચીનમાં હેંગઝાઉ ખાતે યોજાયો હતો.

→ UN Environment Programme (UNEP) દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2019 ની 'વિશ્વ પર્યાવરણ દિવસ' ની થીમ 'Air Pollution' છે. જ્યારે વર્ષ 2019 નું 'વિશ્વ પર્યાવરણ દિવસ' નું સ્લોગન 'Beat Air Pollution' છે.

- **4 જૂન, 2019 ને 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની પૂર્વ સંધ્યાએ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે નવી દિલ્હી ખાતેથી (સેલ્ફીવિથ સેપલિંગ) નામનું જન અભિયાન લોન્ચ કર્યુ હતું.**

→ કેન્દ્રીય પર્યાવણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે આપેલી માહિતી અનુસાર ભારતમાં કેન્દ્ર સરકારના પર્યાવરણ મંત્રાલય દ્વારા ટૂંક સમયમાં 'સ્કૂલ નર્સરી' નામની એક પહેલ શરૂ કરવામાં આવશે.

→ આ પહેલ અંતર્ગત સ્કૂલના દરેક બાળકો એક એક છોડ રોપીને તેની સંભાળ રાખશે અને વાર્ષિક પરિણામના સમયે આ છોડને ટ્રોફી રૂપે લેવામાં આવશે.

- **5 જૂન 2019ના રોજ ગુજરાતમાં અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ રાજ્યાકક્ષાનો સમારોહ યોજાયો હતો.**

→ આ કાર્યક્રમમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (NGT) ના અધ્યક્ષ શ્રી આદર્શકુમાર ગોયલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા.

- **5 જૂન 2019ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉત્સર્જક વેપાર યોજના (Emission Trading Scheme) ની જાહેરાત કરી હતી.**

→ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતમાં ઓછું પ્રદૂષણ કરનારા ઉદ્યોગો તથા પોલ્યુશન બોર્ડના નિયમોનું પાલન કરનારા ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાનો છે.

→ આ યોજનાથી ઓછું પ્રદૂષણ કરનારા તથા નિયમોનું પાલન કરનારા ઉદ્યોગોને નાણાંકીય ફાયદો થશે.

→ Emission Trading Market (ઉત્સર્જન વેપાર બજાર) ઉભુ કરનાર 'ગુજરાત' દેશ અને વિશ્વમાં પ્રથમ રાજ્ય છે.

❖ **5 જૂન, 2019 ને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદ ખાતેથી 'મિશન મિલિયન ટ્રીઝ' વૃક્ષારોપણ તથા 'સ્વચ્છ સાબરમતી' મહાઅભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.**

- **અમદાવાદમાં ગ્રીન કવરનું પ્રમાણ 4.6 ટકા છે. તે વધારીને 15 ટકા સુધી લઈ જવા માટે આ 'મિશન મિલિયન ટ્રીઝ' વૃક્ષારોપણ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.**
- **અગત્યના મુદ્દાઓ :**

→ ભારત વિશ્વમાં સૌર ઊર્જાનો પાંચમો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.

→ ભારત પુનઃપ્રાપ્ય ઉર્જા ઉત્પન્ન કરવાવાળો વિશ્વનો છઠ્ઠો સૌથી મોટો દિવસ છે.

→ ભારતમાં વર્ષ 2020 સુધીમાં 100 ગીગાવોટ અને વર્ષ 2022 સુધીમાં 175 ગીગાવોટ વીજળી સૌર તથા પવન ઉર્જા દ્વારા ઉત્પન્ન કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

→ ભારત વર્ષમાં 2005 થી 2030 સુધીમાં પોતાના GDP ના 33 થી 35 ટકા ઉત્સર્જનની તીવ્રતા ઓછી કરવાનું લક્ષ્ય ધરાવે છે.

→ કોપનહેગન સંકલ્પને પૂરો કરવા માટે ભારત 2022 સુધીમાં ઉત્સર્જનની તીવ્રતામાં 20 થી 25 ટકા સુધીનો ઘટાડો કરશે.

- **વર્લ્ડ ઈકોનોમિક ફોરમ સાથે યેલ અને કાલંબિયા યુનિવર્સિટીઓ દ્વારા થોડા સમય અગાઉ પ્રસિદ્ધ થયેલા બે વર્ષીય એનવાયરમેન્ટલ પરફોર્મન્સ ઈન્ડેક્ષ–2018 માં ઓવર ઓલ રેન્કિંગમાં કુલ 180 દેશોમાં ભારત 177 માં ક્રમે હતું.**

→ જ્યારે વર્ષ 2016 માં પ્રસિદ્ધ થયેલા આ જ રિપોર્ટમાં કુલ 180 દેશોમાં ભારતનો ક્રમ 141મો હતો. એનવાયરમેન્ટલ પરફોર્મન્સ ઈન્ડેક્ષ–2018માં પ્રથમ ક્રમે સ્વિટઝર્લેન્ડ છે. જ્યારે 179 માં ક્રમે બાંગ્લાદેશ અને 180 માં ક્રમે બુરુંડી છે.

❖ **ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર વર્ષ 2019 માં ગુજરાતનો રાજ્યકક્ષાનો 70મો વન મહોત્સવ અમદાવાદના ઓઢવના જડેશ્વરમાં યોજાશે.**

→ આ અંતર્ગત અમદાવાદના ઓઢવના જડેશ્વરમાં 8.5 હેક્ટર વિસ્તારમાં સાંસ્કૃતિક વનનું નિર્માણ કરવામાં આવશે.
→ જે અમદાવાદ જિલ્લાનું પ્રથમ અને ગુજરાતનું 19મું સાંસ્કૃતિક વન હશે.
→ ગુજરાતમાં વન મહોત્સવ અંતર્ગત વર્ષ 2018 સુધીમાં 18 સાંસ્કૃતિક વનોનું નિર્માણ થયું છે.
→ 2017 ના સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ અનુસાર ગુજરાતમાં ફોરેસ્ટ કવર અને ટ્રી કવર મળીને બંનેનો કુલ વિસ્તાર 11.61 ટકા છે.
→ ગુજરાતનું પ્રથમ સાંસ્કૃતિક વન પુનિતવન ગાંધીનગર ખાતે આવેલ છે.

❖ **દિલ્હી યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોની ટીમ અને પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય હેઠળ કાર્ય કરતી વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા દ્વારા અમેરિકા અને ઈન્ડોનેશિયા સાથે મળીને દેડકાની નવી પ્રજાતિ "Paddy Frog" ની શોધ ભારતના નોર્થ–ઈસ્ટ રાજ્ય આસામમાંથી કરવામાં આવી છે.**

→ આ નવા શોધાયેલા દેડકાની પ્રજાતિની સંસ્કૃત શબ્દ ''ઈશાની ''(AISHANI)'' રાખવામાં આવ્યું છે. જેનો અર્થ ઉત્તર–પૂર્વ થાય છે.

❖ **મણિપુરના સિવિલ એન્જીનીયર સોનલ સૌગેજામ દ્વારા વોટસએપ બગની શોધ બાદ ફેસબુક હોલ ઓફ ફેમ–2019 માં દાખલ કરવામાં આવ્યો છે.**

→ વોટસએપ બગની શોધ બદલ તેને ફેસબુક હોલ ઓફ ફેમ 2019 માં દાખલ થયા બાદ 5000 ડોલર નું ઈનામ આપવામાં આવ્યું હતું.

❖ **અમેરિકન અવકાશ સંસ્થા નાસા દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર અમેરિકા વર્ષ 2024માં ચંદ્ર પર ARTEMIS (આર્ટેમિસ) નામનું મિશન લોન્ચ કરશે.**

→ આ મિશન અંતર્ગત અમેરિકા 2024માં અવકાશયાત્રીઓને ચંદ્ર પર મોકલશે. આ અવકાશયાત્રીઓમાં મહિલાઓનો સમાવેશ પણ કરવામાં આવશે.
→ નાસાના ARTEMIS મિશનનું પૂરુ નામ "Acceleration, Reconnection, Turbolence and Electrodynamics of the Moon's Interaction with the Sun" છે.
→ આર્ટેમિસ (ARTEMIS) મિશન અંતર્ગત નાસા દ્વારા કુલ 8 મિશન લોન્ચ કરવાની યોજના બનાવવામાં આવી છે.
→ જેમાં નાસા દ્વારા 2020 માં ચંદ્ર ઉપર આર્ટેમિસ–1 લોન્ચ કરવામાં આવશે. તેમાં અવકાશયાત્રી નહિ હોય.
→ ત્યારબાદ 2022 માં આર્ટેમિસ–2 લોન્ચ કરવામાં આવશે. જે ક્રૂ (અવકાશયાનના કર્મચારી) સાથે ચંદ્રની પરિક્રમા કરશે.
→ વર્ષ 2024 માં આર્ટેમિસ–3 લોન્ચ કરવામાં આવશે. આ મિશન દ્વારા અવકાશયાત્રીઓને ચંદ્ર પર લઈ જવામાં આવશે.
→ નાસા દ્વારા આ ત્રણેય મિશન સૌથી મોટા રોકેટ સ્પેસ લોન્ચ સિસ્ટમ (SLS) દ્વારા લોન્ચ કરવામાં આવશે
→ સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ વખત ચંદ્ર પર માનવ ઉતરાણ કરનાર અભિયાનના અપોલો 11 છે.
→ અમેરિકા દ્વારા લોન્ચ કરવામાં આવેલા આ અભિયાન અંતર્ગત 21 જૂલાઈ, 1969 ના રોજ શ્રી નીલ આર્મસ્ટ્રોંગ ચંદ્ર ધરતી પર પગ મૂકનાર પ્રથમ વ્યક્તિ બની ગયા હતા. શ્રી નીલ આર્મસ્ટ્રોંગ બાદ શ્રી બઝ એલ્ડ્રીને ચંદ્રની ધરતી પર પગ મૂકયો હતો. આ અભિયાનમાં શામેલ ત્રીજા વ્યક્તિ શ્રી માઈકલ કકોલિન્સ હતા.
→ 'અપોલો' બાદ અમેરિકા દ્વારા 2024માં ચંદ્ર પર લોન્ચ કરવામાં આવનાર સમાનવ મિશનનું નામ 'આર્ટેમિસ' છે.
→ પૌરાણિક ગ્રીક કથાઓ અનુસાર 'આર્ટેમિસ' 'અપોલો' ની જૂડવા બહેન હતી.

- **NASA**
  → તે અમેરિકી સરકારની સ્વતંત્ર અવકાશ એજન્સી છે.
  → NASA નું પુરૂં નામ 'National Aeropnautics And Space Administration' છે.
  → 29 જૂલાઈ, 1958 ના રોજ તેની સ્થાપના થઈ હતી.
  → તેનું વડુ મથક અમેરિકાના વોશિંગ્ટન ડી.સી. ખાતે આવેલું છે.
  → નાસાનું ધ્યેય વાકય 'For the Benefit of All' છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા ધરાવતી સુરક્ષાની કેબિનેટ કમિટિ દ્વારા અવકાશમાં સુરક્ષા માટે હથિયારો તથા ટેકનોલોજીના સંશોધન માટે એક નવી શાખા Defence Space Research Agency (DSRO) ની સ્થાપનાને હરિઝંડી આપવામાં આવી.**

- **Defence Space Research Agency (DSRO)નાં કાર્યો**
  → DSRO ને વૈજ્ઞાનિકોની એક ટીમ આપવામાં આવશે જે ત્રી–સેવાઓ (ભારતીય સેના, નૌકાદળ અને વાયુ દળ) Integrated Defence Staff (IDS)ના અધિકારીઓ સાથે ગાઢ સંકલનથી કામ કરશે.
  → DRSO દ્વારા ત્રિ–સેવાઓના જોડાણથી બનેલી Defence Space Agency (DSA)ને સંશોધન અને વિકાસ કાર્યોમાં મદદરૂપ બનશે.
  → DSRO દ્વારા અવકાશ માટેના ખાસ પ્રકારના હથિયારો વિકસાવવામાં આવશે જેથી 'હથિયારી દળોની અવકાશમાં' લડત ક્ષમતામાં વધારો કરી શકાય.
  નોંધ : IDS (Integrated Defence Staff) ની સ્થાપના કારગીલ ઓપરેશન (ઓપરેશન વિજય) દરમિયાન ત્રણેય દળો વચ્ચે સહકાર અને આયોજનને જવાબદારીપૂર્વક નિભાવવા માટે સંરક્ષણ મંત્રાલય હેઠળ કરવામાં આવી હતી.

- **DSA (Defence Space Agency)**
  → તેની સ્થાપના એર વાઈઝ માર્શલ રેન્કના અધિકારી હેઠળ બેંગ્લુરુ ખાતે કરવામાં આવશે જે ત્રણેય દળોની અવકાશમાં ક્ષમતા વધારવાનો પ્રયત્ન કરશે.

→ DSA ની રચના અવકાશમાં ભારતની લડાઈ ક્ષમતા વધારવા માટે કરવામાં આવી છે.

→ DSA ની રચના એપ્રિલમાં 2019 માં ત્રણેય દળોની અવકાશી કાર્યોમાં આદેશ આપવા તથા સેનાની એન્ટી–સેટેલાઈટ ક્ષમતામાં વધારો કરવા માટે કરવામાં આવી છે. એન્ટી–સેટેલાઈટ સિસ્ટમ વિકસાવનારુ ભારત એ અમેરિકા, રશિયા અને ચીન બાદ ચોથો દેશ છે.

❖ **સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ રાજકોટથી મોરબી વચ્ચે બાયોડીઝલ ડેમુ ટ્રેન દોડાવાઈ.**

→ આ વર્ષે સમગ્ર વિશ્વમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી થીમ બીટ એર પોલ્યુશન પર યોજવામાં આવી હતી. જે સંદર્ભે રાજકોટ રેલ્વે મંડળના કર્મચારીએ દ્વારા વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌરાષ્ટ્રમાં પહેલીવાર પર્યાવરણને અનુકુળ બ્લેંડેડ બાયો ડિઝલ બી–5 થી ચાલનારી ટ્રેન રાજકોટ–મોરબી ડેમુ ટ્રેનને મંડળ રેલ પ્રબંધક પરમેશ્વર કુંકવાલ અને અન્ય અધિકારીએએ રાજકોટ સ્ટેશનથી લીલી ઝંડી આપી રવાના કરી હતી. આ બાયોડીઝલ જેટ્રોફાના બીજમાંથી બનાવવામાં આવે છે. જે ડીઝલ કરતા સસ્તું અને પ્રદુષણને પણ ઓછું કરવામાં મોટો ફાળો ભજવે છે.

❖ **જુલાઈમાં ભારત દ્વારા પ્રથમ અંતરિક્ષ યુદ્ધાભ્યાસ કરશે.**

→ રાષ્ટ્રીય સુરક્ષા વધુ મજબુત બનાવવા માટે ભારતે તૈયારી કરી દીધી છે. ભારતે માર્ચ મહિનામાં એન્ટિ સેટેલાઈટ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ હતું. તાજેતરમાં જ ટ્રાઈ સર્વિસ ડિફેન્સ સ્પેસએ એજન્સીનો પ્રારંભ કરાયો છે. આગામી મહિને પહેલીવાર અંતરિક્ષમાં યુદ્ધાભ્યાસ કરવાની યોજના છે.

→ આ યોજનાને 'Indspace Ex' નામ અપાયું છે.

→ સરંક્ષણ મંત્રાલય દ્વારા જુલાઈના અંતિમ સપ્તાહમાં આયોજિત યુદ્ધાભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અંતરિક્ષ અને કાઉન્ટર સ્પેસ ક્ષમતાઓનું મુલ્યાંકન કરવાનો છે.

- **'Indspace Ex' પ્લાન વિશે :**

⇒ ભારતને આંતરિક્ષમાં વિરોધીઓ પર નજર, સંચાર, મિસાઈલની પૂર્વ ચેતવણી અને અચૂક નિશાન લગાવવા જેવી વસ્તુઓની આવશ્યકતા છે. તેના કારણે આપણા સશસ્ત્ર દળોની વિશ્વસનિયતા વધશે અને રાષ્ટ્રીય સુરક્ષા પણ મજબૂત બનશે. 'Indspace Ex' આપણને અંતરિક્ષમાં વ્યુહાત્મક પડકારોને સારી રીતે સમજવામાં મદદ કરશે.

❖ **ISRO ના ચેરમેન કે. શિવન્ દ્વારા તાજેતરમાં જાહેરાત કરાઈ છે કે ભારત અવકાશમાં પોતાના સ્પેસ સ્ટેશનની સ્થાપના કરશે. (ગગનયાન બાદ)**

→ આ સ્પેશ સ્ટેશન પ્રોજેક્ટ ગગનયાન પછીની યોજનાઓને આગળ વધારવાનું કાર્ય કરશે.

→ અવકાશમાં સ્પેશ સ્ટેશનની સ્થાપના માટે ભારત અન્ય કોઈ દેશ સાથે કોલોબ્રેશન (જોડાણ) કરશે નહીં.

→ અમેરિકા, રશિયા અને ચીન ત્રણેય વ્યક્તિગત ઉપરાંત ત્રણેયનું જોડાણ ઈન્ટરનેશનલ સ્પેશ સ્ટેશન અવકાશમાં સ્ટેશન ધરાવે છે, પરંતુ સફળતા બાદ આ યાદીમાં 4 (ચોથો) દેશ ભારત બનશે.

→ ભારત દ્વારા અવકાશમાં સ્થાપવામાં આવેલ સંભવિત સ્પેશ સ્ટેશનનું વજન 20 ટન તથા ઊંચાઈ 400 km. હશે, જેમાં અવકાશયાત્રીને 15 થી 20 દિવસ સુધી રહેવા માટેની સગવડ હશે.

→ આ સ્પેશ સ્ટેશનને અંદાજીત 2030 માં સ્થાપવામાં આવશે. જેમાં માઈક્રોગ્રેવિટી એકસપેરિમેન્ટ કરવામાં આવશે.

❖ **ભારતીય નૌસેના દ્વારા સલાહ (ઓમાન) થી લઈને એડેનની ખાડિ સુધી એન્ટી–પાઈરેસી પેટ્રોલ માટે P8I સર્વેલન્સ પ્લેનને તૈનાત કર્યુ.**

→ આ તૈનાતી હિંદ મહાસાગર વિસ્તારને સુરક્ષિત કરવા માટેના ભારતીય નૌસેનાના Mission Based Deployment' ની ભાગ છે.

- **P-8I વિશે :**

→ ભારત સરકાર દ્વારા અમેરિકા પાસેથી 12 જેટલા "P-8" ની ખરીદી માટે કરાર થયો હતો જેનો મુખ્ય હતુ એન્ટિ–સબમરીન સર્વેલન્સ તથા સમૃદ્ધિ નીગરાની છે. આ વિમાનાનો ઉપયોગ ભારત દ્વારા પોતાના **"Exclusive Economic Zone"** પર નિગરાની રાખવાનો છે.

→ તેની ખાસિયતો નીચે મુજબ છે.
(1) Long-Range Anti Submarine Warfare
(2) Long-Range Maritime Domain Awareness
(3) Detention of Chinese Nuclear & conventional submarines

❖ **તાજેતરમાં ઓડીશાના ચાંદીપુર ખાતેના સંકલીત પરીક્ષણ રેન્જ (Inegreated test range)ના 3જા નંબરના કોમ્પ્લેક્ષ ખાતેથી ભારતીય સુપરસોનીક ક્રુઝ મિસાઈલ બ્રહ્મોસની એન્ટી–શીપ આવૃત્તીનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.**

→ બ્રહ્મોસ મિસાઈલનું નામ ભારત અને રશીયાની નદી અનુક્રમે બ્રહ્મપુત્રા અને મોસ્કવાના નામ પરથી રાખવામાં આવ્યું છે.

→ બ્રહ્મોસ મિસાઈલ ભારત અને રશીયા દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવી રહેલ છે. જેનું નિર્માણ બ્રહ્મોસ એરોસ્પેસ લીમીટેડ (Brahmos Aerospace Limited) ખાતે બંને દેશની સંસ્થાઓ અનુક્રમે સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (Defence Research and Development Organisation) અને N.P.O. મશિનોસ્ટ્રોનીયા (Mashinostroyeniya) દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે.

→ બ્રહ્મોસ દુનીયાની સૌથી ઝડપી સુપરસોનીક ક્રુઝ મીસાઈલ છે તથા તે ખુબ જ સરળતાથી હવા, પાણી અને જમીન એમ ત્રણેય જગ્યાએથી સંપૂર્ણ સચોટ રીતે અને ચોકસાઈ સાથે દાગી શકાય છે. આમ તે મલ્ટી પ્લેટફોર્મ પ્રકારની ક્ષમતા (Multi Plateform Abilities) ધરાવે છે તથા તે હવા, જમીન અને જળ એમ ત્રણેય પ્રકારના લક્ષ્યાંકોને ભેદવામાં સફળ રહેવાના લીધે Multi-role પણ કહેવામાં આવે છે.

→ તેની ઝડપ 2.8 થી 3 મેક વચ્ચે છે તથા તેની રેન્જ 300 કિ.મી. છે.

❖ **તાજેતરમાં ભારતીય ભુમિદળ (Indian Army) દ્વારા પંજાબ ખાતે "ખર્ગા પ્રહાર" (Kharga Prahar) નામની તાલીમ કવાયત યોજવામાં આવી જે માત્ર ખર્ગા કોપ્સ અંતર્ગતના જ વિવિધ યુનિટો માટે યોજવામાં આવી હતી.**

→ આ કવાયત યુદ્ધના નવા દાવપેચ શીખવા તથા ભારતના દુશ્મનને સરળતાથી અને વધુ ઝડપી રીતે સજા આપવા માટે ઘણી અગત્યની પુરવાર થઈ. જેના થકી ખર્ગા કોપ્સને ઘણી અગત્યની યુદ્ધ નીતિઓ શીખવા મળી ઉપરાંત યુદ્ધ માટેની સજ્જતાઓની શક્તિમાં પણ ઘણો વધારો થયો.

→ ભારતીય વાયુ સેનાની મદદથી પેરા ડ્રોપ માટેની તાલીમ પણ આપવામાં આવી જેના થકી હવાઈ અને જમીની હુમલાઓ વધુ અસરકારક બનાવી શકાય. આમ ભારતીય ભુમિદળ (Indian Army) અને ભારતીય વાયુ દળ (Indian Air Force) દ્વારા સંયુક્ત રીતે આ કવાયત સફળતાપૂર્વક પાર પાડવામાં આવી.

- **ખર્ગા પ્રહાર વિશે :**

  ⇒ હરીયાણાના અમ્બાલા ખાતે સ્થિત ભારતીય ભુમિદળ (Indian Army)ની એક ટુકડી '2–કોપ્સ' (II-Corps)ને ખર્ગા કોપ્સ તરીકે ઓળખવામાં આવી છે. જે વર્ષ 1985 થી અમ્બાલામાં સ્થિત છે. યુદ્ધના સમયે (પાકિસ્તાન સાથે) તેને આક્રમક હુમલો કરવાનો આદેશ આપવામાં આવેલ હોય છે.

❖ **તાજેતરમાં ફેસબુક દ્વારા પોતાનો પ્રથમ પારસ્પરિક રીતે સાંકળતો 'Confetti' નામનો ગેમ શો પોતાના વીડીયો માટેના પ્લેટફોર્મ "ફેસબુક વોચ" પરથી ભારત ખાતે શરૂ કરવામાં આવ્યો.**

→ મુંબઈ ખાતે આયોજીત કરવામાં આવેલ એક ખાસ કાર્યક્રમ ફેસબુકની સામાજીક મનોરંજન બેઠકમાં ફેસબુક ઈન્ડીયા દ્વારા આ જાહેરાત કરવામાં આવી.

→ આ ગેમ અંતર્ગત પોપ સભ્યતા આધારીત સામાન્ય સવાલોના સાચા જવાબ દ્વારા દૈનિક 3 લાખ રૂપિયાનું રોકડ ઈનામ જીતી શકાય છે.

→ આ ગેમ થકી ફેસબુક પોતાના ઉપયોગકર્તાઓને વધુ નજીક લાવવા તેમની વચ્ચે આંતરજોડાણ વધારવા અને પારસ્પરિક વિડિયોના અનુભવોને એક સાથે લાવવાનો ઉદ્દેશ ધરાવે છે. આ પ્રકારની સૌપ્રથમ પારસ્પરિક ગેમ (Interactive games) અમેરિકા ખાતે શરૂ કરવામાં આવી હતી.

❖ **તાજેતરમાં ભારતીય ભૂમિદળ (Indian Army) દ્વારા પશ્ચિમ બંગાળના કલકત્તા સ્થિત ફોર્ટ વિલિયમ ખાતેના પોતાના પૂર્વિય કમાન્ડના મુખ્યાલય (Eastern Commond Headquarter) માં સતત અને વ્યાપક હવાઈ ગુણવત્તા દેખરેખ પદ્ધતિ (CAAQMS – Continous Ambient Air Quality Monitoring System) સ્થાપીત કરવામાં આવી.....**

→ આ પદ્ધતિ ભારતીય ભૂમિદળ દ્વારા રાષ્ટ્રીય સ્તરે વર્ષ 2019માં શરૂ કરવામાં આવેલ "ગો ગ્રીન (go green) " પહેલના ભાગ રૂપે સ્થાપીત કરવામાં આવી છે. આ સાથે જ કલકત્તા ખાતે શરૂ કરવામાં આવેલ આ પ્રકારની છટ્ઠી પદ્ધતિ બની. જે વાસ્તવિક સમય આધારીત સતત હવાની ગુણવત્તાનું માપન કરે છે અને આંકડાઓ નોંધે છે તથા તેના દ્વારા લેવાયેલ માપન ગુણવત્તાના આધારચિહ્ન તરીકે માનવામાં આવે છે.

→ સ્થાપીત કરવામાં આવેલ આ પદ્ધતિ હવામાંના સલ્ફર ડાયેકસાઈડ ($SO_2$), નાઈટ્રોજન ઓકસાઈડ (NO), નાઈટ્રોજન ડાયોકસાઈડ ($NO_2$), એમોનીયા ($NH_3$), કાર્બન મોનોકસાઈડ (CO), ઓઝોન ($O_3$), અન્ય અસ્થીર અકાર્બનીક તત્વો (VOC – Volatile Organic Compound) તથા 10 અને 2.5 જેવા પાર્ટીક્યુલેટ મેટર્સ (PM – Particulate Matters) (હવામાં રહેલ હાનિકારક તત્વોના બારીક કણો) વગેરેની નિગરાની રાખશે, માત્રા જાણશે અને જરૂરી માહિતી તૈયાર કરશે.

→ આ ઉપરાંત હવામાં રહેલ ભેજ, વાતાવરણનું તાપમાન, સૌર વિકિરણોની માત્રા, પવનની ઝડપ અને દીશા, વાતાવરણમાં દબાણ અને વરસાદની શકયતાઓ જેવી માહિતીઓ પણ ચકાસવામાં આવશે.

→ જે તમામ માહિતીઓને દૂરના અન્ય સ્થળો પરથી મેળવી શકાય એ રીતે (Remotely Accessible) તથા નિર્ધારીત રૂપમાં મેળવી શકાય એ રીતે તૈયાર કરવામાં આવશે. જેમાં સામાન્ય લોકો, પં.બંગાળ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (WBPCB – West Bengal Pollution Control Board) તથા અન્ય પર્યાવરણીય સંબંધી સ્થાનિક તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો સમાવેશ થાય છે.

- **VOC વિશે :**

  ⇒ Volatile Organic Compounds એ એવા કાર્બનીક રસાયણો છે જે સામાન્ય તાપમાન (Room temperature) માં પણ ઉચ્ચ બાહ્ય દબાણ ધરાવે છે જે તેનું ઉત્કલન બિંદુ નીચું લાવવા કારણભુત છે જેના પરિણામે આવા પદાર્થોમાં સામાન્ય તાપમાને પણ અણુઓ પોતાની ઘન અથવા પ્રવાહી અવસ્થા છોડીને વાયુ અવસ્થામાં પહોંચી જાય છે. આ ઘટનાને વોલેટીલીટી (Volatility) તરીકે ઓળખવામાં આવે છે અને આવા પદાર્થોને VOC તરીકે ઓળખવામાં આવે છે. ઉદા. ફોર્માલ્ડીહાઈડ

❖ **ગુગલ મેપ દ્વારા હાલમાં ભારતમાં પ્રથમ વખત જાહેર પરીવહન નેવીગેશન માટેની 3 પદ્ધતિઓ શરૂ કર્યાની જાહેરાત કરવામાં આવી.**

→ 5 જુનથી શરૂ કરવામાં આવેલ આ 3 પદ્ધતિઓનો મુખ્ય હેતુ વપરાશકર્તાઓના દૈનિક સફરને સરળ બનાવવાનો છે. જેના અંતર્ગત ગુગલ મેપ દ્વારા બસનો સમય, હાલની સ્થિતી, ટ્રેનની હાલની સ્થિતી અને સમય તથા પરીવહન માટેના જે તે સમય સંજોગો અનુરૂપ રીક્ષા, બસ, ટ્રેન વગેરે જેવા બહેતર વિકલ્પ પણ દર્શાવવામાં આવે છે.

**(1) Real Time bus travel info.**

⇒ ભારતમાં શરૂ કરવામાં આ પ્રકારની આ પ્રથમ પદ્ધતી છે. જે બસના નીર્ધારીત રૂટ, તેના માટે લાગતો સમય (ટ્રાફીક સમેત), બસની હાલની સ્થિતી લાઈવ ટ્રાફીકની સ્થિતી વગેરે જેવી તમામ માહિતીઓ ગુગલ મેપ ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

⇒ હાલમાં આ પદ્ધતિ ભારતના 10 શહેરો દિલ્લી, બેંગ્લોર, મુંબઈ, હૈદરાબાદ, પુણે, લખનઉ, ચૈન્નઈ, મૈસુર, કોઈમ્બતુર અને સુરત ખાતે શરૂ કરી દેવામાં આવેલ છે. બસના સમય આધારીત બે નિર્દેશકો લીલો અને લાલ દર્શાવવામાં આવે છે જે પૈકી લિલો જે તે બસ સમયસર હોવાનું સુચવે છે તથા લાલ જે તે બસ સમય કરતા મોડી હોવાનું સુચવે છે.

**(2) Real time train info.**

⇒ આ પદ્ધતિ અંતર્ગત ગુગલ મેપ વપરાશકર્તાને જે તે લાંબાં અંતરની ટ્રેનોની વાસ્તવિક સ્થિતી તથા સમયસર છે કે મોડી વગેરે જેવી માહિતી પુરી પાડે છે. આ સુવિધા પુરી પાડવા માટે ગુગલ દ્વારા ગત વર્ષ 2018માં "Where is my train" એપ ખરીદવામાં આવી અને હાલમાં તેના જ સહયોગ વડે આ સુવિધા શરૂ કરવામાં આવેલ છે.

**(3) Mix Made Nevigation guidance**

⇒ આ સુવિધા જે તે સમયે વપરાશકર્તા ને પોતાના ગંતવ્ય સ્થળ સુધી પહોંચવા ઓટો રીક્ષા, મેટ્રો, બસ, ટ્રેન વગેરે પૈકી કઈ સુવિધા વધુ સરળ રહેશે તે અંગે ભલામણ આપે છે. ઉપરાંત કયા સ્ટેશન તથા જગ્યા પરથી સેવા બદલવી તે અંગે પણ સ્પષ્ટ નિર્દેશનો આપે છે.

⇒ ઓટો રીક્ષાની બાબતમાં આ પદ્ધતી અંદાજીત મીટર પણ દર્શાવે છે તથા તેનો ગંતવ્ય સ્થળ સુધી પહોંચવાનો સમય પણ ટ્રાફીકની સ્થિતીને ધ્યાને લઈને દર્શાવે છે. આ પદ્ધતિ હાલમાં માત્ર દિલ્લી અને બેંગ્લોર ખાતે જ શરૂ કરવામાં આવી છે.



Banking Academy

## રમતજગત, વ્યક્તિ વિશેષ, એવોર્ડ અને નિધન

❖ **તાજેતરમાં કેબિનેટની નિમણૂક સમિતિ (ચેરમેન : વડાપ્રધાન) દ્વારા BPR&D (Bureau of Police Research and Development) ના DG (Director General) તરીકે 1986 બેંચના આંધ્રપ્રદેશ કેડરના IPS અધિકારી વિ. એસ.કૌમુદીની નિમણૂક કરવામાં આવી છે.**

→ તેઓ IPS ઓફિસર સુદીન લખ્તકિયાનું સ્થાન લેશે.

- **BPRD (Burea Of Police Research And Development)**

સ્થાપના : 1970 મંત્રાલય : ગૃહ મંત્રાલય મુખ્યાલય : નવી દિલ્હી

→ BPRD એ એક સંઘિય કાયદાનું અમલીકરણ કરતી સંસ્થા છે જેનું મુખ્ય કાર્ય પોલિસના આધુનિકરણ સાથે વિષયો અને મુદ્દાઓ પર સંશોધન અને વિકાસ કરવાનું છે.

→ 2017નાં વર્ષમાં વહીવટી ક્ષમતા અને સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ પર ભાર મૂકવાં માટે BPRD અને NCRB નું જોડાણ કરવામા આવ્યું છે.

❖ **30 નવેમ્બર 2019 થી 8 ડિસેમ્બર 2019 સુધી ચાલનારા 33 માં Guadajara International Book Fair માં ભારતને ગેસ્ટ ઓફ ઓનર તરીકે પસંદ કરવામાં આવ્યું.**

→ આ આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન દર વર્ષે મેકિસકોમાં થાય છે.

❖ **ફ્રેન્ચ ઓપન : 2019**

→ ચાર ગ્રાન્ડ સ્લેમમાંથી એક એવા ફ્રેન્ચ ઓપનની 2019 માં 123 મી આવૃત્તિનું આયોજન દર વર્ષ પ્રમાણે આ વર્ષે સ્ટેડ રોલાન્ડ ગેરોસ, પેરિસ ખાતે ગ્રાસ કોર્ટમાં કરવામાં આવ્યું હતું.

→ આ ગ્રાન્ડ સ્લેમમાં પુરુષ સિંગલ્સમાં સ્પેનના રાફેડ નડાલે 12 મી વાર રોલાન્ડ ગેરોસ ટાઈટલ મેળવીને નવો કિર્તીમાન સ્થાપિત કર્યો હતો.

→ આ સાથે તેણે 18 ગ્રાન્ડ સ્લેમ જીતવાની સિધ્ધી પણ મેળવી છે.

→ 33 વર્ષીય નડાલ વિશ્વનો પ્રથમ ખેલાડી છે જેણે (પુરુષ અને મહિલાઓ એમ બન્નેમાં) એક જ ગ્રાંડ સ્લેમ 12 વાર જીત્યું હોય.

→ દુનિયામાં સૌથી વધારે ગ્રાન્ડ સ્લેમ જીતવાનો રેકોર્ડ ચેક રિપબ્લિકનાં નોવાક જોકોવીક (20) નાં નામે છે.

❖ **તાજેતરમાં દુબઈ, UAE ખાતે 22મા એમાઈરેટ રિસાયકલીંગ એવોર્ડમાં ભારતીય મૂળની 8 વર્ષની વિદ્યાર્થી નીઆ ટોનીને સન્માનીત કરવામાં આવી.**

→ તેણીએ 14, 914 Kg વેસ્ટ પેપરને ભેગાં કરવા બદલ "Paper Section in Individual Category" તરીકેના એવોર્ડથી સન્માનીત કરાઈ છે.

❖ **ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલા એક સમારોહમાં કેટલાક મહાનુભાવોને ગુજરાત સરકાર દ્વારા એનાયત થતા પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત ઓવોર્ડથી સન્માનિત કર્યા છે.**

→ ગુજરાત સરકારની સંગીત નાટક અકાદમી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના સંયુક્ત ઉપક્રમે આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

| ક્રમ | નામ | વર્ષ |
|---|---|---|
| 1. | શ્રી અજય ચક્રવર્તી | 2014-15 |
| 2. | ઉસ્તાદ ગુલામ મૂસ્તૂફા ખાન | 2015-16 |
| 3. | પંડિત ઉલ્હાસ કાશલકર | 2016-17 |
| 4. | શ્રી શેખરસેન | 2017-18 |

- **ગુજરાતના આણંદ જિલ્લાના જહાજ નામના ગામમાં જન્મેલા ભારતના પ્રસિદ્ધ હિન્દુસ્તાની શાસ્ત્રીય ગાયક પંડિત ઓમકારનાથ ઠાકુરની યાદમાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ 2012 માં પુરસ્કાર ની શરૂઆત કરવામાં આવી હતી.**

→ આ અંતર્ગત સૌપ્રથમ પંડિત જસરાજને વર્ષ 2012-13 માટેનો આ પુરસ્કાર એનાયત થયો હતો.

→ આ એવોર્ડ વિજેતા ગાયક–સંગીતકારને તામ્રપત્ર અને રૂા.5 લાખ પુરસ્કાર રૂપે આપવામાં આવે છે. આ ઉપરાંત શાલ ઓઢાઢીને તેમનું સન્માન કરવામાં આવે છે.

❖ **તાજેતરમાં ભારતીય ક્રિકેટર યુવરાજ સિંઘ દ્વારા ક્રિકેટ વિશ્વમાંથી નિવૃત્તિ જાહેર કરવામાં આવી.**

→ શ્રી યુવરાજ સિંહની આત્મકથાનું નામ 'The Test of My Life : From Cricket to Cancer and Back' છે.

→ વર્ષ 2019માં IPL માં શ્રી યુવરાજસિંહ મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમ્યા હતા.

→ IPL માં તેઓ કિંગ્સ ઈલેવન પંજાબના કેપ્ટન પણ રહ્યા હતા.

❖ **ભારતના પ્રસિદ્ધ લેખક, નાટયકાર, અભિનેતા, એક્ટિવિસ્ટ અને ફિલ્મ દિગ્દર્શક શ્રી ગિરીશ કર્નાડનું 10 જૂન, 2019 ના રોજ બેંગાલુરૂ ખાતે 81 વર્ષની વયે નિધન થયું છે.**

→ તેમના નિધનથી કર્ણાટક રાજ્ય સરકાર દ્વારા 3 દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો હતો.

→ તેમનું પૂરું નામ શ્રી ગિરીશ રઘુનાથ કર્નાડ હતું. 19 મે, 1938 ના રોજ મહારાષ્ટ્રના માથેરાનમાં તેમનો જન્મ થયો હતો. ત્યારબાદ તેમનો પરિવાર કર્ણાટકના ધારવાડ ખાતે શિફ્ટ થયો હતો.

→ 1961માં ઓકસફોર્ડમાં રહીને તેમણે સૌપ્રથમ 'યયાતી' નામના નાટકની રચના કરી હતી. 1964માં લખાયેલું 'તુઘલક' નાટક તેમનું સૌથી સફળ નાટક હતું. કન્નડ સાહિત્યમાં તેમના ઉત્કૃષ્ટ પ્રદાન બદલ 1998 માં તેમને જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયો હતો.

→ 'ટાઈગર ઝિંદા હૈ' શ્રી ગિરીશ કર્નાડની છેલ્લી ફિલ્મ હતી. જેમાં તેમણે રો ચીફ ડોકટર શેનોયનું પાત્ર ભજવ્યું હતું. બિમારીને કારણે નાકમાં નળી લગાવેલી સ્થિતિમાં તેમણે આ ફિલ્મમાં કામ કર્યુ હતું. આ ઉપરાંત તેમણે મંથન ફિલ્મમાં ''વર્ગીસ કુરીયન''નું પાત્ર ભજવ્યું હતું.

- **સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા તાજેતરમાં જુદી જુદી ભાષાના ભારતના 22 લેખકોની "બાળ સાહિત્ય પુરસ્કાર 2019' માટે પસંદગી કરવામાં આવી છે.**
  - → આ અંતર્ગત ગુજરાતી ભાષાના "બાળ સાહિત્ય પુરસ્કાર 2019' માટે શ્રી કુમારપાળ દેસાઈની પસંદગી કરવામાં આવી છે.
  - → શ્રી કુમારપાળ દેસાઈને બાળ સાહિત્યમાં તેમના સમગ્ર પ્રદાન બદલ આ પુરસ્કાર એનાયત થયો છે.
    - **શ્રી કુમારપાળ દેસાઈ ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ લેખક, વિવેચક, કટાર લેખક અને અનુવાદક છે.**
    - → તેમનો જન્મ બોટાદ જિલ્લાના રાણપુરમાં થયો હતો. જ્યારે તેમનું વતન સાયલા છે.
    - → તેમના પિતા શ્રી બાલાભાઈ દેસાઈ 'જયભિખ્ખુ' તરીકે જાણીતા ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ લેખક હતા.
    - **સાહિત્ય અકાદમી ભારતની રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થા છે. સાહિત્ય અકાદમીને 'નેશનલ એકેડેમી ઓફ લેટર્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.**
    - → ભારત સરકાર દ્વારા 12 માર્ચ, 1954ના રોજ તેની સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થા રવિન્દ્ર ભવન, નવી દિલ્હી ખાતે આવેલી છે.
    - → ભારતીય બંધારણ દ્વારા માન્ય 22 ભાષાઓ ઉપરાંત અંગ્રેજી અને રાજસ્થાની ભાષા સહિત કુલ 24 ભાષાઓ સાહિત્ય અકાદમી દ્વારા માન્યતા આપવામાં આવી છે.
    - → સાહિત્ય અકાદમી દ્વારા માન્યના પ્રાપ્ત આ 24 ભાષાઓ માટે સાહિત્ય અકાદમી દ્વારા વિવિધ પુરસ્કારની જાહેરાત કરવામાં આવે છે.
    - → સાહિત્ય અકાદમીના વર્તમાન (1, જૂન, 2019 ની સ્થિતિએ) અધ્યક્ષ ડો.ચંદ્રશેખર કંબાર છે.
- **NIA નાં પૂર્વ પ્રમુખ અને વર્તમાન વિજિલન્સ કમિશ્નર શ્રી શરદકુમારની તાજેતરમાં ભારતનાં વચગાળાના સેન્ટ્રલ વિજિલન્સ કમિશ્નર (CVC) તરીકે નિમણૂક કરવામાં આવી છે.**
  - → 9 જૂન 2019 ના રોજ નિવૃત્ત થયેલા સેન્ટ્રલ વિજિલન્સ કમિશ્નર શ્રી કે.વી.ચૌધરીના સ્થાને જ્યાં સુધી નવા CVC ની નિમણૂક ન થાય ત્યાં સુધી વચગાળાના CVC તરીકે શ્રી શરદકુમારની નિમણૂક કરવામાં આવી છે.
- **IBBI (Insolvency and Bankrupty Board of India) નાં પાર્ટ–ટાઈમ સભ્ય તરીકે ક્રિષ્નામુર્તિ સુબ્રમણયમ (મૂખ્ય આર્થિક સલાહકાર) તથા બી.શ્રીરામ (IDBI બેંકના ભૂતપૂર્વ CEO અને MD) ની નિમણૂક કરવામાં આવી છે.**
  - → કે. સુબ્રમણયમની મુખ્ય આર્થિક સલાહકાર તરીકે ડિસેમ્બર 2018 માં ત્રણ વર્ષ માટે નિમણૂક કરવામાં આવી છે.
  - → વર્તમાનમાં થયેલી IBBI નાં પાર્ટ–ટાઈમ સભ્યોની નિમણૂક વડાપ્રધાનનાં અધ્યક્ષપદે યોજાયેલી કેબિનેટની નિમણૂક સમીતી દ્વારા કરાઈ હતી. જેમાં ગૃહમંત્રાલયના મંત્રી અમીત શાહ પણ જોડાયેલા છે.
  - Insolvency and Bancrupty Board of India
    - → **રચના :** 1 ઓક્ટોબર, 2016
    - → તેને વૈધાનિક સત્તાઓ Insolvency and Banking Code (5 May 2016) દ્વારા આપવામાં આવેલ છે.
    - → IBBI ની ગવર્નિંગ બોડીમાં 10 સભ્યોનો સમાવેશ થાય છે.
    - → IBBI નું મુખ્ય કાર્ય નાદારીની કાર્યવાહી, નાદારી માટેની વ્યાવસાયિક એજન્સીઓ અને ઈન્ફર્મેશન યુટિલિટિઝ જેવી કંપનીઓની દેખરેખ અને નિયમનનું છે. IBBI એ વિવિધ પ્રકારના કેસોને NCLT અને DRT હેઠળના કેસોનું સંચાલન કરે છે.
- **તાજેતરમાં અંગ્રેજી ભાષામાં સાહિત્યકાર અમિતાવ ઘોષને 54 માં જ્ઞાનપીઠ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. પશ્ચિમ બંગાળના અમિતાવ ઘોષ અંગ્રેજી ભાષામાં જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનારા પ્રથમ ભારતીય છે.**
  - → અત્યાર સુધીમાં તેમને 1990 માં તેમની બુક **'શેડોવ લાઈન્સ'** માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર તથા 2007 માં પદ્મશ્રી પુરસ્કાર આપવામાં આવ્યો છે.
  - **જ્ઞાનપીઠ પુરસ્કાર :** તે ભારતનો સાહિત્યનો સર્વોચ્ચ પુરસ્કાર છે તે ફકત ભારતીય નાગરિકોને (જીવીત) સાહિત્યકાર્ય બદલ આપવામાં આવે છે.
    - → તેને ભારતના બંધારણનાં અનુસુચિત 8 માં રહલી 22 ભાષાઓ માટે તથા અંગ્રેજી ભાષા માટે 1961 થી આપવામાં આવે છે.
    - → પ્રથમ જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા મલયાલમ લેખક જી.એસ.કુરુપ છે.
- **દક્ષિણ અમેરિકાની ફૂટબોલ માટેની સંચાલક સંસ્થા CONMEBOL દ્વારા 2020 માં આયોજીત 2020 CDPA AMERICA માં ભાગ લેવા માટે ઓસ્ટ્રેલિયા અને કતારને આંમત્રણ આપવામાં આવ્યું છે.**
  - → COPA અમેરિકા 2020 નું આયોજન આર્જેન્ટિના અને કોલંબિયા દ્વારા સંયુકત રીતે થવાનું છે.
  - → COPA અમેરિકા એ દક્ષિણ અમેરિકાના દેશો વચ્ચે આયોજીત થતી વાર્ષિક સ્પર્ધા છે. જેમાં 12 ટીમો ભાગ લે છે પરંતુ CONEBOL માં ફકત 10 સભ્યો હોવાથી તેમાં બે દેશોને દક્ષિણઅમેરિકાની બહારથી આમંત્રણ આપવામાં આવે છે.
  - → 2019 માં COPA અમેરિકાનું આયોજક દેશ બ્રાઝિલ છે તથા તેમાં કતાર અને જાપાનને આંમત્રણ આપવામાં આવ્યું છે.
- **વિશ્વની એથ્લેટિકસ માટેની ગવર્નિંગ સંસ્થા (વહિવટી સંસ્થા) IAAF (International Association of Athletics Federation) પોતાનું નામ બદલીને "World Athletic" રાખવાનું નકકી કર્યુ છે.**
  - → આ ઉપરાંત તે નવા નામનું બ્રાન્ડિંગ ઓકટોબર 2019 માં દોહો, કતાર ખાતે વર્લ્ડ ચેમ્પિયનશીપની પૂર્ણાહૂતી બાદ કરશે.
  - → આ માટેનો નિર્ણય IAAF ની આ વર્ષે તેના મુખ્યાલય મોનાકો ખાતે થયેલી બેઠકમાં લેવાયો હતો.
  - → IAAF ની સ્થાપના 17 જૂલાઈ, 1912માં સ્વિડનના સ્ટોક હોમ ખાતે "International Amateur Athletic Federation" તરીકે કરાઈ હતી.
  - → 2001 માં તેનું નામ બદલીને IAAF રાખવામાં આવ્યું હતું. તેમાં વર્તમાનમાં 215 સભ્યોનો સમાવેશ થાય છે અને વર્તમાનમાં તેના પ્રમુખ બ્રિટનના સેબસ્ટીયન કો છે.

❖ **વિશ્વના સૌથી મોટી શાળાનાં મધ્યાહન ભોજન માટેની યોજના ચલાવનાર NGO અક્ષય પાત્રને યોજના ચલાવવા બહાર BBC "વર્લ્ડ સર્વિસ ગ્લોબલ ચેમ્પિયન એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો.**

→ આ એવોર્ડ બ્રિસ્ટોલ, લંડન, U.K. ખાતે એનાયત કરવામાં આવ્યો છે.

- **અક્ષયપાત્ર :**
  → સ્થાપના : 2000 → મુખ્યાલય : બેંગ્લરુ
  → સ્થાપક : મધુ પંડિત દાસ → પ્રકાર : NGO

→ અક્ષયપાત્ર દ્વારા 20 વર્ષ અગાઉ મધ્યાહન ભોજન યોજના ભારતમાં શરૂ કરાઈ હતી. જે વર્તમાનમાં 75 મિલિયન બાળકોને આહાર પુરો પાડે છે.

- BBC (Britis Broadcasting Corporation)
  → સ્થાપક : જોન રૈથ → પ્રકાર : માસ મિડિયા → મુખ્યાલય : લંડન, યુ.કે.

❖ **તાજેતરમાં રજૂ થયેલા FIFA રેકિંગમાં ભારતનું સ્થાન 101 મું રહ્યું. આ રેન્કિંગમાં પ્રથમ સ્થાન બેલ્જીયમનું છે જ્યારે વિશ્વ વિજેતા ફ્રાંસનું સ્થાન દ્વિતીય છે.**

→ ફિફા રેકિંગની શરૂઆત ફિફાના સદસ્યો માટે 1992 માં શરૂ કરાઈ હતી.

- FIFA = Federation International de Food Association અથવા Internation Federation of Association Football
  → મુખ્યાલય : ઝુરીચ, સ્વિટ્ઝર્લેન્ડ → સ્થાપના : 1904
  → સભ્ય સંખ્યા : 211 → પ્રમુખ : ગિઆની ઈન્ફન્ટીનો

❖ ઘણીવાર વિશ્વ વિજેતા બનેલા પ્રખ્યાત બિલિયર્ડસ **ખેલાડી પીટર ગીલક્રિષ્ટે** મેલબોર્ન, એસ્ટ્રેલિયા ખાતે આયોજીત પેસિફિક ઈન્ટરનેશનલ બિલિયર્ડસ ચેમ્પિયનશીપ ભારતના સૌરવ કોઠારીને હરાવીને જીતી લીધી.

❖ **સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભા (UNGA) ના 74 માં સત્રમાં પ્રમુખ તરીકે નાઈઝિરિયાના એમ્બેસેડર તીજ્જાની મુહમ્મદ–બન્દે ની પસંદગી કરવામાં આવી. તેઓ મારિઆ ફર્નાન્ડા એસ્પીનોસા (સ્પેન) નું સ્થાન લેશે.**

- United Nations General Assembly
  → સ્થાપના : 1945 → મુખ્યાલય : ન્યૂયોર્ક

❖ **બોલિવૂડના જાણીતા અભિનેતા, તખ્તાના કલાકાર દિનયાર કોન્ટ્રેકટરનું નિધન :**

→ 'બાદશાહ', ખિલાડી જેવી ફિલ્મોમાં કામ કરી ચૂકેલા જાણીતા અભિનેતા અને તખ્તાના કલાકાર દિનયાર કોન્ટ્રેકટરનું મુંબઈમાં નિધન થયું છે. તેઓ 79 વર્ષના હતા. દિનયાર કોન્ટ્રેકટરને ફિલ્મોમાં તેમની હાસ્ય ભૂમિકાથી ઓળખાય છે. આ વર્ષની શરૂઆતમાં તેમણે પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા.

❖ **ઉત્તરાખંડના નાણામંત્રી પ્રકાશ પંતનું નિધન :**

→ ઉત્તરાખંડમાં ભાજપ સરકારના નાણાંમંત્રી અને પ્રદેશના દિગ્ગજ રાજનેતા તરીકે ઓળખાતા પ્રકાશ પંતનું અમેરિકામાં નિધન થયું છે.

→ પ્રકાશ પંત અમેરિકાની યુનિવર્સિટી ઓફ ટેકસાસની હોસ્પિટલમાં ફેફસાની બિમારીઓની ઈલાજ કરાવી રહ્યાં હતા. પ્રકાશ પંતના નિધન બાદ ઉત્તરાખંડમાં 3 દિવસના રાજકીય/શોકની ઘોષણા કરવામાં આવી છે.

❖ **અઝીમ પ્રેમજીએ– વિપ્રોમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.**

→ વિપ્રોના ચેરમેન અઝીમ પ્રેમજીએ નિવૃત્તિની જાહેરાત કરી, હવે એમનો પુત્ર રિશદ પ્રેમજી એક્ઝિકયુટીવ ચેરમેનનો હોદ્દો સંભાળશે.

→ અઝીમ પ્રેમજી 30 જૂલાઈ એ નિવૃત્ત થશે પરંતુ નોન એક્ઝિકયુટીવ ડાયરેકટર અને સ્થાપક ચેરમેન તરીકે બોર્ડમાં રહેશે.

→ અઝીમ પ્રેમજી વિશ્વના 36માં સૌથી અમીર વ્યક્તિ છે તેમની હાલની નેટવર્થ 22.2 અબજ ડોલર (રૂા.1.55 લાખ કરોડ) છે. માર્ચ–2019માં તેમણે રૂા.52750 કરોડના મૂલ્ય ધરાવતા શેર્સના દાનની જાહેરાત કરી હતી.

❖ **અમેરિકન નવલકથાકાર તાયારી જોન્સે આ વર્ષનો "વુમેન્સ પ્રોઈઝ ફોર ફિકશન" તેમની ચોથી નવલકથા" An American Marriage" માટે જીત્યો છે....**

→ આ એવોર્ડ મહિલાઓની સર્જનાત્મકતા માટે સૌથી મોટા એવોર્ડમાંથી એક છે. આ એવોર્ડ અંતર્ગ 30,000યુરો અને કાસ્યની મૂર્તિ પ્રદાન કરવામાં આવે છે.

→ તે વિશ્વભરની મહિલાઓનું લેખનમાં શ્રેષ્ઠતા, મૌલિકતા અને પહોંચને ઉજવવા માટેનું યુનાઈટેડ કિંગડમનું એકમાત્ર વાર્ષિક પુસ્તક પુરસ્કાર છે. જેની શરૂઆત 1996માં થઈ હતી.

❖ **ગ્લોબલ વોર્મિંગ વિશે વૈશ્વિક જાગૃતિ ફેલાવવાનું ભગીરથ કાર્ય કરવા બદલ સ્વીડનની 16 વર્ષીય પર્યાવરણીય એકટીવીસ્ટ "ગ્રેટા થૂનબર્ગ" ને આતંરરાષ્ટ્રીય ધોરણે "Ammestry International's " Ambassador of Conscience " Award 2019 થી સન્માનીત કરવામાં આવી....**

→ તેનાં દ્વારા "Fridays for Future" અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં દુનિયાભરના 100 જેટલા દેશોના 1 મિલિયન લોકોએ પર્યાવરણને બચાવવા માટે જોડાયા હતા.

⇒ **એમનેસ્ટી ઈન્ટરનેશનલ** → સ્થાપના : 1961 → મુખ્યાલય : લંડન, UK

❖ **અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જીમિ કાર્ટરને (39 માં) અમેરિકા અને ચીનનાં સંબંધોમાં નોંધપાત્ર ફાળો આપવા બદલ "George H.W.Bush Award for Statesmanship" થી સન્માનિત કરવામાં આવ્યા....**

→ અમેરિકા અને ચીન વચ્ચે રચનાત્મક અને પરસ્પર લાભદાયક સંબંધોના વિકાસમાં યોગદાન આપનાર મહાનુભવોને આ એવોર્ડ આપવામાં આવે છે.

→ તેમનાં સમયગાળામાં Sino – American Mutual Defence Treaty થયેલી હતી જે મુજબ અમેરિકાએ તાઈવાનમાંથી પોતાનાં સૈન્યને પાછું ખેચ્યું હતું.

❖ **ડેક્કન ડેવલપમેન્ટ સોસાયટીની વુમેન સંઘમ (ગ્રુપ)ને વરસાદી બાજરીની ખેતીમાં સંસોધન તથા ઈકોલોજીમાં પોતાના અમુલ્ય યોગદાન બદલ UNDP દ્વારા ઈકવેટર પ્રાઈઝ – 2019થી સન્માનીત કરવામાં આવ્યા છે.....**

→ આ એવોર્ડ ડેક્કન ડેવલપમેન્ટ સોસાયટી (DDS) સંઘમની છ મહિલા ખેડૂતોને આપવામાં આવ્યો છે. તેઓ 2019માં એવોર્ડ જીતનારૂ એકમાત્ર ભારતીય ગ્રુપ છે.

- **Equator Prize :**
  - ⇒ તેની સ્થાપના 2002 માં થઈ હતી તથા અત્યાર સુધીનાં 233 એવોર્ડ માંથી 9 એવોર્ડ ભારતને આપવામાં આવ્યા છે.
  - ⇒ આ એવોર્ડ જૈવ વિવિધતાના ટકાઉ ઉપયોગ તથા સંરક્ષણ કરી ગરીબી ઘટાડવા માટે સામુદાયિક પ્રયાસો માટે UNDP દ્વારા દ્વિવાર્ષિક ધોરણે આપવામાં આવે છે. આ એવોર્ડ અંતર્ગત 10,000 US $ નું ઈનામ આપવામાં આવે છે.

❖ **તાજેતરમાં જાણીતા ક્રિકેટ પ્રસારણકર્તા અને લેખક આશિષ રે દ્વારા પોતાનું નવું પુસ્તક "Cricket World Cup : The Indian Challenge" પ્રકાશીત કરવામાં આવ્યું......**

→ Bloomsbury પ્રકાશનની મદદથી પ્રકાશીત કરવામાં આવેલ પુસ્તક 1975ના પ્રથમ ક્રિકેટ વિશ્વકપથી લઈને આજ સુધીની ભારતની સંપૂર્ણ યાત્રા વર્ણવે છે તથા વર્ષ 1975માં 60 ઓવરની મેચમાં વેસ્ટ ઈન્ડીઝ દ્વારા જીતવામાં આવેલ પ્રથમ વિશ્વકપ થી લઈને વર્ષ 2015 સુધીના તમામ વિશ્વકપોની રસપ્રદ કહાનીઓ પણ વર્ણવવામાં આવી છે. આ ઉપરાંત હાલમાં વર્ષ 2019ના ઈંગ્લેન્ડ ખાતેના ક્રિકેટ વિશ્વકપ માટેના પૂર્વાવલોકનો પણ દર્શાવવામાં આવ્યા છે.

→ આ પુસ્તક આશિષ રે દ્વારા જ વર્ષ 2015માં પ્રકાશીત કરવામાં આવ્યું હતું જેની નવી આવૃત્તિ રૂપે ફરી પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

→ **વિશેષતા :** વર્ષ 1983માં ભારતીય ટીમ દ્વારા કપીલદેવના સુકાની પદ હેઠળ વેસ્ટ ઈન્ડીઝને હરાવીને પ્રથમ વખત વિશ્વકપ જીતવાના અભૂતપૂર્વ અવસરને પણ વિશેષ રૂપથી વર્ણવવામાં આવ્યો છે જેને ભારતીય એક દિવસીય ક્રિકેટ (ODI – One Day International) નો એક મહત્વપૂર્ણ વણાંક માનવામાં આવે છે.

→ કુલ 9 પ્રકરણ ધરાવતા આ પુસ્તકમાં ભારતીય ટીમ અને વિશ્વકપની તમામ રસપ્રદ માહિતીઓની સાથે સાથે ગ્રેગ ચેપલ જેવા વિવાદ અને આઈ.પી.એલ (IPL – Indian Premier League) કૌભાંડો વિશે પણ માહિતી આપવામાં આવી છે.

- **આશિષ રે (Ashish Ray) વિશે :**
  - ⇒ આશિષ રે મૂળ ભારતીય પરંતુ ઈંગ્લેન્ડમાં સ્થિત સૌથી જુના અને કાર્યશિલ ક્રિકેટ પ્રસારણકર્તા છે. આ ઉપરાંત તેઓ લેખક અને પત્રકાર પણ છે.
  - ⇒ વર્ષ 1975માં માત્ર 24 વર્ષની ઉંમરે તેમણે સૌપ્રથમ વખત ટેસ્ટ ક્રિકેટની કોમેન્ટ્રી ઓલ ઈન્ડીયા રેડિયો (AIR – All India Radio) ઉપર પ્રસારીત કરી અને વિશ્વના સૌથી નાની વયના ટેસ્ટ મેચ કોમેન્ટેટરનું બહુમાન મેળવ્યું.
  - ⇒ વર્ષ 1983માં ભારત દ્વારા જીતવામાં આવેલ વિશ્વ કપ દરમિયાન તેઓ એક માત્ર એશિયન કોમેન્ટેટર હતા.
  - ⇒ તેઓ હાલમાં યુરોપ ખાતેના ભારતીય પત્રકાર સંગઠન (Indian Journalist Association) ના પ્રમુખ છે.
  - ⇒ તેમના દ્વારા લખવામાં આવેલ અન્ય પુસ્તક " Laid to Rest : The controversy over Subhas Chandra Bose's Death." ઘણું પ્રસિદ્ધ બન્યુ છે જેને ગત વર્ષ 2018માં પ્રકાશિત કરવામાં આવ્યું.
  - ⇒ આ ઉપરાંત વર્ષ 2007માં તેમના દ્વારા પ્રકાશિત ક્રિકેટ આધારીત અન્ય પુસ્તક "One day Cricket" એ પણ ઘણી નામના મેળવી છે.
  - ⇒ **નોંધ :** Bloomsburry એ લંડન, ન્યુયોર્ક, ઓક્સફર્ડ, નવી દિલ્લી અને સિડની સ્થિત સાહિત્ય પ્રકાશિત કરતી સંસ્થા છે. જેનું મુખ્યાલય ન્યુયોર્કમાં સ્થિત છે. Bloomsburry દ્વારા નોબેલ, પુલિત્ઝર અને બુકર જેવા વિશ્વવિખ્યાત ઈનામો મેળવવામાં આવ્યા છે. તથા સુપ્રસિદ્ધ હેરી પોર્ટર (Harry Potter) સીરીઝ પણ તેના દ્વારા જ પ્રકાશિત કરવામાં આવેલ છે.

❖ **ભારતના રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર (NSA - National Security Adviser) અજીત દોવલની ફરીથી NSAના પદ માટે વધુ 5 વર્ષની મુદત સાથે પસંદગી કરવામાં આવી.**

→ અગાઉના કાર્યકાળ દરમિયાન તેમના દ્વારા કરવામાં આવેલ ઉત્કૃષ્ટ કાર્યો બદલ તેમને કેબીનેટ કક્ષાના મંત્રીનો દરજ્જો આપવામાં આવ્યો. જે ગત મુદતમાં રાજયકક્ષાના મંત્રી તરીકેનો જ હતો. આ સાથે જ શ્રી અજીત ડોભાલ સતત બીજી વખત નિમણૂક પામનાર ભારતના પ્રથમ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બની ગયા છે. હવે તેમની બીજા પાંચ વર્ષ માટે ફરીથી નિમણૂક કરવામાં આવી છે. ભારતમાં કેબિનેટની નિમણૂક સમિતિ દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની નિમણૂંક કરવામાં આવે છે.

- **NSA વિશે :**
  - ⇒ રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર ભારતના આંતરીક તેમજ આંતરરાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓ માટે વડાપ્રધાનને સલાહ સુચન કરતુ સર્વોચ્ચ પદ છે. તે વડાપત્રધાનને તેમની બુદ્ધીશક્તિ મુજબ સલાહ આપે છે.
  - ⇒ NSA ને હાલમાં ભારતના સૌથી વધુ શક્તિશાળી અમલદાર તરીકે જોવામાં આવે છે.
  - ⇒ NSA નું પદ વર્ષ 1998માં તે સમયના વડાપ્રધાન અટલ બીહારી વાજપાઈ દ્વારા શરૂ કરવામાં આવ્યુ અને વરીષ્ઠ IFS (Indian Foreign Service) અધીકારી બ્રિજેશ મીશ્રા ભારતના પ્રથમ NSA બન્યા. ત્યારથી આ પદ વરીષ્ઠ IFS અથવા તો IPS અધીકારી સંભાળી રહ્યા છે.
  - ⇒ NSA રાષ્ટ્રીય સુરક્ષા પરીષદના NSC - National Security Council અધ્યક્ષ તરીકે કાર્ય કરે છે. NSCની સ્થાપના પણ વર્ષ 1998 NSA સાથે જ કરવામાં આવી જે ભારતના રાજનૈતીક, આર્થીક, ઉર્જા, સુરક્ષા વગેરે જેવી વ્યુહાત્મક બાબતોના ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થા છે.
  - ⇒ NSA એ Join Intelligence Committee (JIC), Stertegic Policy Group (SPG) અને National Security Advisary Board (NSAB) એમ ત્રી સ્તરીય સમીતી છે.

❖ **બિહારના IAS સાકેતકુમાર ગૃહમંત્રી અમિત શાહના અંગત સચિવ.**

→ દેશના નવા ગૃહમંત્રી અમિત શાહના અંગત સચિવ તરીકે બિહારના કેડરના IAS અધિકારી સાકેતકુમારની પસંદગી થઈ છે. સાકેતકુમારને 2023 સુધી અમિત શાહના અંગત સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રિન્સિપલ સેક્રેટરી અને એડિશનલ પ્રિન્સિપલ સેક્રેટરીની પસંદગી.**

→ કેન્દ્રીય મંત્રીમંડળની નિયુક્તિ સમિતિ દ્વારા ફરી એક વખત નૃપેન્દ્ર મિશ્રાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે નિમણુંક કરવામાં આવી છે.

→ આ ઉપરાંત ડો. પી.કે.મિશ્રાની એડિશનલ પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે નિમણુંક કરવામાં આવી છે. આ બંનેને કેબિનેટ મંત્રીનો દરજ્જો પણ આપવામાં આવ્યો છે. તેઓ આગામી પાંચ વર્ષ સુધી અથવા તો નવા આદેશ ન આવે ત્યાં સુધી વડાપ્રધાન સાથે કામ કરશે.

❖ **કેન્દ્રિય કેબિનેટની નિમણૂંક સમીતી દ્વારા કેબિનેટ સચિવ પ્રદિપ કુમાર સિન્હા નો કાર્યકાળ ત્રણ મહિના માટે લંબાવવામાં આવ્યો છે.**

⇒ તે સીધા વડાપ્રધાન અંતર્ગત કાર્ય કરે છે. તેને ભારત સરકારના (કાર્યની વહેંચણી) નિયમ, 1961 અંતર્ગત કાર્ય સોંપવામાં આવેલું છે.

⇒ તે કેબિનેટ અને કેબિનેટ સમિતિઓ તથા વ્યવસાયના નિયમોને સેક્રેટરીયલ સહાય પૂરી પાડે છે. કેબિનેટ સચિવ એ કેબિનેટ સેક્રેટરીએટના વહીવટી વડા હોય છે.

⇒ કેબિનેટ સેક્રેટરી હોદ્દાની રૂએ સીવીલ સર્વિસ બોર્ડનાં ચેરમેન પણ હોય છે. તે ભારત સરકારનાં સર્વોચ્ચ એક્ઝિક્યુટિવ ઓફિસર તથા સૌથી સિનિયર અધિકારી હોય છે (મુખ્યત્વે IAS અધિકારી). એન.આર.પિલ્લાઈ ભારતનાં પ્રથમ કેબિનેટ સેક્રેટરી હતા.

❖ તાજેતરમાં ઈંગ્લેન્ડના માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફર્ડ મેદાનમાં પાકિસ્તાન સામે રમાયેલી વર્લ્ડ કપની મેચમાં પોતાની 222મી ઈનિંગમાં **વિરાટ કોહલીએ** 11000 રન પૂરા કર્યા છે. આ સાથે જ **વિરાટ કોહલી** વન ડે માં સૌથી ઝડપી 11000 રન કરનાર બેટ્સમેન બની ગયા છે. આ અગાઉ આ રેકોર્ડ સચિન તેંડુલકરના નામે હતો. વન ડે ક્રિકેટમાં સૌથી ઝડપી 8000 રન, 9000 રન, 10000 રન અને 11000 રન બનાવવાનો રેકોર્ડ વિરાટ કોહલીના નામે જ છે.

❖ **ઈંગ્લેન્ડના કેપ્ટન ઈયોન મોર્ગને** તાજેતરમાં અફઘાનિસ્તાન સામેની વર્લ્ડ કપની એક મેચમાં અફઘાનિસ્તાનના કેપ્ટન ગુલબદીન નઈબની બોલિંગમાં તેમની ઈનિંગની 17મી સિકસ ફટકારી હતી. આ સાથે જ ઈયોન મોર્ગન વન ડેની **એક ઈનિંગમાં સૌથી વધુ 17 સિકસ ફટકારનાર બેટ્સમેન** બની ગયા છે.

❖ 18 જૂન, 2019 ના રોજ **માલીની મહિલા ટીમ રવાંડા સામે**ની એક ટી–20 મેચમાં 9 ઓવરમાં કુલ 6 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આ સાથે જ માલીની મહિલા ટીમ આંતરરાષ્ટ્રીય ટી– 20 ક્રિકેટના ઈતિહાસનો સૌથી ઓછો સ્કોર બનાવનાર ટીમ બની ગઈ છે. માલીની મહિલા ટીમે બનાવેલા કુલ 6 રનમાંથી 5 રન તો એકસ્ટ્રા હતા.

## અગત્યના દિવસો

- **1 જુન, 2019 : World Milk Day (વિશ્વ દુધ દિવસ)**
- **3 જુન, 2019 : World Bicycle Day (વિશ્વ સાઈકલ દિવસ)**
- **4 જુન, 2019 : International Day of Innocent Children Victims of Aggression (આક્રમણનો ભોગ બનેલા નિર્દોષ બાળકોનો આંતરરાષ્ટ્રીય દિવસ)**
- **5 જુન, 2019 : World Environment Day (વિશ્વ પર્યાવરણ દિવસ)**
  - **થીમ** : Only One Earth
- **8 જુન, 2019 : World Brain Tumor Day (વિશ્વ બ્રેઈન ટયુમર દિવસ)**
  **World Oceans Day (વિશ્વ સમુદ્ર દિવસ)**
  - **થીમ** : Gender & Ocean
- **12 જુન, 2019 : Anti-Child Labour Day (વિશ્વ બાળ મજુરી વિરોધ દિવસ)**
  - **થીમ** : Children shouldn't work in Fields, but on dreams
- **14 જુન, 2019 : World Blood donor day (વિશ્વ રકતદાતા દિવસ)**
  - **થીમ** : Safe Blood for All
- **16 જુન (જુન માસનો ત્રીજો રવિવાર), 2019 : Father's Day (ફાધર્સ ડે)**
- **17 જુન, 2019 : World Day to Combat Desertification and Drought.**
  (રસીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ)
- **20 જુન, 2019 : Refugee Day (વિશ્વ શરણાર્થી દિવસ)**
  - **થીમ** : Take a Step on World Refugee Day
- **21 જુન, 2019 : World Music Day (વિશ્વ સંગીત દિવસ)**
  **International day of Yoga (વિશ્વ યોગ દિવસ)**
  - **થીમ** : **ગુજરાત અને ભારત – Yoga for Heart care**
    : **સંયુકત રાષ્ટ્ર (U.N.) – Yoga for Climate Action**
- **26 જુન, 2019: International Day against Drug abuse & illict Trafficking (ડ્રગનો દુરુપયોગ અને ગેરકાયદેસર હેરફેર સામેનો આંતરરાષ્ટ્રીય દિવસ)**

Banking Academy